વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૭, સપ્ટેમ્બર - ૨૦૧૩
છુટક નકલ કિંમત રૂ. ૫-૦૦









# નૂતન વર્ષના કેલેન્ડર પ્રકાશીત થઈ ચૂક્યા છે

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થા દ્વારા પ્રકાશિત**
**શ્રી હરિકૃષ્ણ મહારાજની તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિના**
**મનમોહક કેલેન્ડરમાં પોતાના વ્યવસાયની જાહેરાત મુકવા ઈચ્છતા**
**ભક્તોએ ફોન : ૦૨૬૮-૨૫૮૯૭૧૬ / ૯૯૧૩૦૦૧૧૩૦**
**નંબર ઉપર સંપર્ક કરવો.**

**સાઈઝ ૧૧ X ૧૮ ઈંચ** **ભાવ ૧ નંગના ૭/- રૂપિયા**

॥ श्री स्वामिनारायण मंदिर ॥
वडताल धाम
॥ वृत्तालये स भगवान् जयतिह साक्षात् ॥


Web Site :
www.vadtalmandir.org

E-mail address :

vsm191@yahoo.co.in


**Subscription**

(india)
1 year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)


Year - 4
Volume - 7
September - 2013





# Shree Vadtaldham Satsang

## જલક્રીડા ગીરધારી કરત...

જલક્રીડા ગીરધારી કરત નિત્ય જલક્રીડા ગીરધારી. ટેક ૦
મતવારો જીમી જલમહીં ખેલત, સંગલીયે બ્રજનારી. કરત ૦૧
ગ્રીષ્મકાલકો તાપ નિવારન, જલ છડકત સકુમારી;
ગોપી કરત વિનોદ શ્યામસંગ, રીઝત કુંજવિહારી. કરત ૦૨
ત્યું ઘનશ્યામ સબહી ગોપીપર, જલ છડકત મુદપાઈ;
મુક્તાનંદ કહે રસીક છેલકી, યા છબી બરની ન જાઈ. કરત ૦૩


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776



# અનુક્રમણિકા











| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **‘‘આધ્યાત્મમંથન’’ - ૨૧**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૩ |
| ૨ | **સદ્. શ્રી આધારાનંદ સ્વામીનું જીવનદર્શન**<br>- સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી | ૬ |
| ૩ | **શ્રી આલાભાઈ સુતાર- બારપટોળી**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૯ |
| ૪ | **પૂજા - મહાપૂજા**<br>- સ્વામી શ્રી વિવેકસાગરદાસજી | ૧૨ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૬ |
| ૬ | **સંસ્થા અને સત્સંગ સમાચાર** | ૨૦ |
| ૭ | **માસિક ભેટ નામાવલી** | ૨૪ |



## આધ્યાત્મ મંથન – ૨૨

# "માન્યતાઓ"

લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

(ગતાંકથી ચાલું)

'સુખની સોય ને દુઃખનો દોરો,
દુઃખની સોય ને સુખનો દોરો
કોણ રહે અહીં આઘો ઓરો,
આપણો કાગળ રાખીએ કોરો.'
- સુરેશ દલાલ

ચિંતક ચિત્રભાનું લખે છે કે, "જ્ઞાની માનવી માનવજીવનની મહત્તા સમજી શકે છે, પશુઓનું જીવન ઘણું યાતનામય હોય છે. પોતાના મનનાં અને તનનાં દુઃખો તે કહી શકતાં નથી. પશુઓ મૂક બની તે સહન કરે છે, જ્યારે માણસ બીજાને કહી શકે છે. માનવને મળેલી આ વિશિષ્ટ ભેટ છે. જીવનનું દર્શન કરવું હોય, સુખનાં જે સાધનો મળ્યાં છે તેની મહત્તા સમજવી હોય તો આપણા કરતાં જે ઊતરતી કક્ષામાં છે એવા મનુષ્યોનું જીવન જુઓ; પણ આજે નીચે જોવાને બદલે માણસ ઊંચે જ દૃષ્ટિ રાખે છે અને મનમાં બળ્યા કરે છે.

બીજાનું સુખ જોઈને એના કાળજામાં બળતરા થાય છે. પરિણામે જીવનમાં જે સુખ મળ્યું છે એને ભૂલી જઈ જીવનને દુઃખનું ઘર બનાવી મૂકે છે. જીંદગીને સુખમય બનાવવી છે કે દુઃખમય તેનો આધાર માણસની દૃષ્ટિ પર રહેલ છે. વસ્તુમાં સુખ કે દુઃખ નથી જે છે તે મનના ભાવમાં છે.

મોટી હવેલીના ઝરૂખામાં શેઠાણી ઊભી રહીને જોતી હતી. નીચે મજુરને તેની પત્ની પ્રેમથી પીરસતી હતી. પેલો પણ પત્નીને પ્રેમથી જમાડતો હતો. બન્ને પરસ્પર મુખમાં કોળીયા આપતાં હતાં. આવું જોઈ શેઠાણી પોતાની સખીને કહેવા લાગી: " પતિ-પત્ની કેટલાં પ્રેમથી જમે છે !" શેઠને તો મારી સાથે બેસીને જમવાનો પણ ટાઈમ મળતો નથી, પ્રેમથી મારી સાથે વાતો પણ કરતા નથી, આવાં સુખ કરતાં તો મજૂરની જીંદગી સારી કહેવાય ! પ્રેમથી સાથે બેસી જમી શકાય, સાથે રહી શકાય અને આનંદ કરી શકાય."

આવા વિચારો કરતાં કરતાં શેઠાણી મજૂરો સામે જોતાં હતાં. તે જ સમયે આ બન્ને મજૂરોની નજર પણ શેઠાણી સામે ગઈ અને તેઓ બોલ્યાં : " આપણે કેટલાં બધાં દુઃખી છીએ, સુખ તો આ શેઠાણીને છે, મોટા બંગલામાં રહીને જાતજાતનાં પકવાનો દરરોજ જમવા મળતાં હશે, સારાં સારાં કપડાં પહેરવાં મળતાં હશે, પલંગમાં સૂવા મળતું હશે અને ક્યારેય દુઃખ પડતું નહિ હોય."

જોયુંને ભક્તો ! આ બન્ને પક્ષની સુખદુઃખની માન્યતાઓ ? બન્ને પોતાને દુઃખી અને સામાને સુખી સમજે છે. આ દૃષ્ટાંત વર્તમાન સમયમાં વાસ્તવિકતાનું દર્શન કરાવે છે. ધન પાછળ દોડ મૂકેલાઓ પોતાના પરિવાર સાથે શાંતિથી જમી પણ શકતા નથી.એક વસ્તુ એના મનને સુખ આપે છે અને



પ્રિય લાગે છે; જ્યારે એ જ વસ્તુ બીજાને દુઃખરૂપ જણાય છે અને ગમતી પણ નથી ! કડવું ભાવતું હોય અને વળી ડાયાબીટિસનો દર્દી હોય ! તેના ભોજનમાં કારેલાંનું શાક પીરસાય એટલે મનમાં આનંદ આનંદ થઈ જાય છે, જ્યારે એ જ શાક કડવું નહિ ભાવનારને પીરસો તો મનમાં ઉદ્વેગ થઈ જાય છે અને ખાવાનો સાફ ઈન્કાર કરી દે છે; માટે સુખ દુઃખની બહુધા દૃષ્ટિ મનની માન્યતાઓમાં જ રહેલી હોય છે.

માણસને ખરો આનંદ આપનાર તત્ત્વ તેના અંતરમાં જ રહેલું છે. મહાન ચિંતક ટોલ્સટોય કહેતા કે, “ દુઃખ તો કેરીને પકવી એમાં મીઠો રસ પૂરનાર તાપના જેવું છે ! એ તાપ તડકાથી કેરીમાં મીઠાશ પુરાય છે.” એ જ પ્રમાણે સુખની મીઠાશ સમજવા માટે દુઃખના અનુભવની આવશ્યકતા છે. કેરીની માફક જીવનમાં ખોટા રસને મીઠો કરવા માટે દુઃખ સહાયક છે.

સુખ અને દુઃખ બન્ને જીવનનાં પોષક તત્ત્વો છે, માટે હિંમત હારવી ન જોઈએ. એકલી મીઠાશ તો જીવનને મારી નાખે છે. વધુ પડતા સુખોથી માણસ અંદરથી સડી જાય છે, કોહવાઈ જાય છે. ૨૧૩ મી વાતમાં ગોપાળાનંદ સ્વામી બોલ્યા છે કે, “શિષ્ય વાહનાદિકે કરીને તથા ભોજન આચ્છાદનાદિકે કરીને જે આનંદ પામવું તેતો બાહેરલું સુખ છે ને તે નાશવંત છે, સાચું સુખ તો શ્રીહરિના ધ્યાનને સુખે સુખીયા થવું તે છે.”

ઉનાળાના પ્રખર તડકામાં પણ ઝાડ લીલું રહે છે કારણ કે, એનાં મૂળ ધરતીની શીતળતામાં રહેલાં છે. – એ જ રીતે માણસના જીવનમાં પણ અંતરના મૂળમાં ભક્તિની શીતળાતાની પરમ આવશ્યકતા છે.

જો ભક્તિમય જીવન બની જાય તો માનવજીવન સદાય લીલુંછમ રહેવા લાગશે.

ખૂની અને સંત બન્નેને માનવનું જીવન તો મળેલું જ છે, પણ એના પ્રકારો જુદા જુદા છે. ખૂનીને જેલમાં સબડતાં સબડતાં અશાંતિમાં જીવનને ઢસડતાં ઢસડતાં પૂરું કરવું પડે છે, જ્યારે સંતોનું અને ભક્તોનું જીવન તો ભક્તિમય વાતાવરણમાં શાંતિથી પૂરું થતું હોય છે.

માણસ આજે પૈસાની દૃષ્ટિએ જ પોતાને સુખી માની રહ્યો છે, પણ પાસે કરોડ રૂપિયા હોય અને આંખે આંધળો હોય કે પગે લંગડો હોય તો એનું જીવન કેવું મુશ્કેલ બની જાય છે ? આવું વિચારીશું તો સમજાશે કે, પૈસા કરતાં આંખ વિનાની અને પગ વિનાની દશા વધુ વસમી લાગે છે. આપણા જીવનમાં બે વિભાગ છે. એક બહારની દુનિયા અને બીજી અંદરની દુનિયા. બહારનો ખજાનો ગમે તેટલો હશે છતાં એનાથી સાચો આનંદ નહિ મળે અને ભભકાથી કેવળ લોકો અંજાશે. પરંતુ આપણી અંદરનો ખજાનો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વગેરે સમૃદ્ધ નહિ હોય તો બહારનો ખજાનો પણ બોજારૂપ લાગશે, સાચી શાંતિ નહિ આપી શકે.

અંદરથી માણસ ખાલી હશે તો તે અવશ્ય બેચેન બનવાનો છે. એકાંતમાં એના વિચારે તે અકળાઈ જશે. ખાલી અંતર તો ખંડિયેર મકાન જેવું છે, જેમાં ભયની ભૂતાવળો જ ભમતી હોય છે, માટે દરેક વ્યક્તિએ અંતરમાં પ્રભુ ભક્ત અને પ્રભુમૂર્તિ અવશ્ય રાખવી જોઈએ, જેના કારણે અંતઃશત્રુરૂપી ભૂતો અંદર પ્રવેશ કરી શકે નહિ. કામ-ક્રોધાદિક જીવનને કોરી ખાનારા ભૂતો છે. આપણે તો એ સર્વની ઉપર વિજય મેળવીને જીવનને સૌમ્ય બનાવવાનું છે.

આપણે ધ્યાન રાખવું જોઈએ કે, આપણી જિંદગી તો ફોટોગ્રાફરના કેમેરાની નેગેટિવ ફિલ્મ જેવી છે. પ્રકાશનું એક કિરણ એની ઉપર પડે એટલે

એ વસ્તુનું પ્રતિબિંબ ઝડપી લે છે; એ જ રીતે પંચવિષય સારા લાગે કે તુરંત મન પોતાના તરફ એને ઝડપી લે છે.

જો મહાપુરુષોના પ્રસંગથી કે સારા ગ્રંથોના વાંચનથી અંદરનું પરિવર્તન થઈ જશે તો પછી પોતાની મેળે સમજાઈ જશે કે સાચું સુખ શેમાં છે અને સાચું દુઃખ શેમાં છે. ગોપાળાનંદ સ્વામી તો કહેતા કે, ''સુખ દુઃખ છે તે તો જીવની સમજણમાં જ રહ્યાં છે. કેમ જે આ વસ્તુઓ સુખદાયક છે અને આ વસ્તુઓ દુઃખદાયક છે, એવી અંતરમાં જે સમજણની દૃઢ, ગાંઠ પડી છે તેમાં સુખદુઃખ રહ્યાં છે, માટે સત્ અસત્નો વિવેક કરીને આ લોકનાં સુખદુઃખને ખોટા સમજે તો બહારથી પણ તે ખોટાં થઈ જાય છે.

બહારનું દુઃખ એ સાચું દુઃખ છે કે બહારનું સુખ એ વાસ્તવિક સુખ છે ? સ્વભાવ પ્રમાણે જ્ઞાન થઈ જશે ત્યાં સુધી સુખદુઃખની માન્યતાઓ પોતાની સમજાશે, પરંતુ જ્ઞાન પ્રમાણે સ્વભાવ થઈ જશે ત્યારે સુખદુઃખ બન્નેથી પર થઈ જવાશે અને અંતરમાં અખંડ શાંતિ રહેવા લાગશે, પછી ભલે દૈહિક સુખ હોય કે દૈહિક દુઃખ હોય પરંતુ તેની અસર મન પર નહિ થાય, માટે જ્ઞાન પ્રમાણે સ્વભાવ કરી મનની માન્યતાઓ છોડી શાસ્ત્રો અને સંતોએ બતાવેલ શાંતિના માર્ગે જીવનને સુખી કરવું જોઈએ.

''અંદરનો વૈભવ''

ભૌતિક સુખો પાછળ પાગલ બનેલા લોકોની દૃષ્ટિ કેવળ વૈભવ-વિલાસમાં જ લાગેલી હોય છે. ગરીબોની દૃષ્ટિ ધનવાનો ઉપર હોય છે. ધનવાનો પણ વિશ્વના સૌથી ધનવાન એવા અમેરિકાના 'બિલ ગેટ્સ જેવા થવા માટે તલપાપડ બનેલા હોય છે. પટ્ટાવાળાને સાહેબ બનવાની ઈચ્છા હોય છે, સાહેબને મિનિસ્ટર બનવાની ઘેલછા વળગેલી હોય છે; તો મિનિસ્ટર વડાપ્રધાનનું પદ મેળવવાની ઝંખના કરતો હોય છે. માસ્તર પ્રોફેસર બનવાના શમણાંઓ જોતો હોય છે; પ્રોફેસરને પ્રીન્સીપાલ બનવાની તમન્ના હોય છે, તો પ્રીન્સીપાલને કુલપતિ બનવાનું ઘેલું લાગ્યું હોય છે.



કારકુનને ઓફિસર બનવાની લગની લાગી હોય છે, ઓફિસરને કલેક્ટર બનવાની ઈચ્છા હોય છે, કલેક્ટર ગવર્નર બનવા આતુર હોય છે, તો ગવર્નરને રાષ્ટ્રપતિ બનવાના કોડ જાગેલા હોય છે. વકીલના સેક્રેટરીને વકીલ બનવાની ઈચ્છા હોય છે, વકીલ ન્યાયાધીશનાં સ્વપ્ન જોતો હોય છે, ન્યાયાધીશને હાઈકોર્ટના ન્યાયાધીશ બનવાની આતુરતા હોય છે, તો હાઈકોર્ટના ન્યાયાધીશ સુપ્રીમકોર્ટના મુખ્ય જજ બનવાની રાહ જોઈ રહ્યા હોય છે !

ભૌતિક યશની પોકળતાનું દર્શન માણસ જ્યારે ભૌતિક સુખના શિખરે પહોંચે છે ત્યારે થાય છે. જીવનમાં સર્વશ્રેષ્ઠ પદ મેળવ્યા પછી પણ મુમુક્ષુઓને પોતાના દયાજનક જીવનનો ખ્યાલ આવે છે કે, બહારના વૈભવ અને સત્તા મેળવવામાં મશગુલ બનેલાઓ અંદરનો વૈભવ મેળવવાનું ચૂકી ગયા હોય છે.

એક ભાઈને ૧૨૦૦ ડોલરની કિંમતનું મોંઘું રાડો ઘડિયાળ માત્ર ૨૦૦ ડોલરમાં જ મળી ગયું તેથી રાજી થઈ ગયા અને જેને તેને તે બતાવીને કહેવા લાગ્યાઃ ''જુઓ આ રાડો ઘડિયાળ ૧૨૦૦ ડોલરનું છે અને ફક્ત ૨૦૦ માં લઈ આવ્યો!'' પછી તે માણસ પોતાના મિત્રને ઘેર ગયો અને પેલું ઘડિયાળ બતાવ્યું. પેલો મિત્ર ઘડિયાળનો અનુભવી હતો. તેથી ખોલીને જોયું તો અંદર પ્લાસ્ટિકનું મશીન ! ફક્ત ૫૦ ડોલરની કિંમતનું ! મિત્રે કહ્યુંઃ ''અરે યાર ! ઘડિયાળનું ડાયલ

(અનુ.પાન ૨૨ પર)



સદ્‍ગુણમૂર્તિ

# સદ્. શ્રી આધારાનંદ સ્વામી

## જીવનદર્શન

લેખક : સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી - કુંડળધામ
ગુરુવર્ય પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી - કુંડળધામ

(ગતાંકથી ચાલુ)

**પુરૂષોત્તમ કડિયાનું દુઃખ ટાળ્યું :**

એકવાર શ્રીહરિએ સ્વામીને વડોદરા મૂર્તિઓ તૈયાર કરવા મોકલ્યા હતા. સ્વામી જ્યારે વડોદરામાં મૂર્તિઓનું કામ કરાવતા હતા ત્યારે સ્વામીના યોગમાં આવતા પચાસેક જેટલા કડિયાના ઘર સત્સંગની વાત સાંભળી, કુસંગ છોડી સત્સંગ કર્યો અને હરિભક્ત થયા હતા. તેમાં પુરૂષોત્તમ, કેવળરામ તથા નંદલાલ એ બે ભાઈ, જગજીવન, દામોદર અને આદિતરામ વગેરે કડિયા પાકા સત્સંગી થયા હતા. આ કડિયાઓ સત્સંગી થયા તેથી કુસંગી કડિયાઓ ભેગા થઈ હરિભક્ત કડિયાને નાત બહાર મૂકવાનો નિર્ણય કર્યો. તેથી બીજા ગરીબ કડિયા ભક્તો નાતના પ્રબંધમાં ભળ્યા એટલે તેમનું કોઈએ નામ લીધું નહીં.

તે સમયમાં મૂર્તિનું કામ કરતા શિલ્પીની માતા ગુજરી ગયા. તે પુરૂષોત્તમ કડિયાની સાસુ થતા હતા. તેના નિમિત્તે જલેબીનો ખર્ચ કરવા કુસંગી કડિયાઓએ સરકારમાં બસો રૂપિયા ભર્યા. અને હરિભક્તોના ચાર ઘરને નાત બહાર રાખવાનો ઠરાવ કર્યો. તે જાણીને પુરૂષોત્તમ કડિયા આધારાનંદ સ્વામી પાસે આવી રડવા લાગ્યા. અને કહે, ‘સત્સંગ માટે અમારે બહુ કષ્ટ આવ્યું., તે કોઈ ઉપાયે છૂટવાનું નથી. માટે તમે કાંઈ સહાય કરો તો થાય. કેમ જે, કુસંગી નાતિલાઓ એમ કહે છે કે, ‘હજાર હજાર રૂપિયા દંડ ભરે તો જ આ ચારને નાતમાં લેવા છે.’ તેથી સ્વામીએ તેમને આ શ્વાસન આપ્યું અને કહ્યુ, ‘મોટેરા હરિભક્તોને વાત કરો. તે મને સહાય કરશે.’

પછી તેમણે નાથભક્ત તથા સદાશિવભાઈ વગેરેને વાત કરી. આ ભક્તોએ તેમના નાતિલાને સમજાવ્યા પરંતુ કોઈ માન્યા નહીં. નંદલાલ કડિયાને સત્સંગ અચળ હતો. પરંતુ પુરૂષોત્તમ કડિયાને એટલી દઢતા ન હોવાથી તેઓ વિહ્વળ થઈ ગયા. ને કહે, ‘નાત વિના કહે કેમ કરવું ?’ એમ કહી સ્વામીને કહે, ‘કાલે બધી નાત અમને છોડીને પકવાન જમશે, તેથી અમારે જીવ્યા ન જીવ્યા બરાબર થશે. અમે શું મોઢું દેખાડીશું ? અમે મારું આ દુઃખ કોણ સાંભળે ? હવે અમારી કોણ સહાય કરે ? અત્યારે તો મરેલાને જીવતા કરે એવા સંત હોય તે અમારું દુઃખ ટાળે.’ ત્યારે આધારાનંદ સ્વામી કહે, ‘અમે કાંઈ મરેલાને જીવતા કરતા નથી. પરંતુ અહીં ઘણા સમાધિનિષ્ઠ ભક્તો છે, તેને જઈને તમે વાત કરો તો તેઓ મહારાજને પૂછી આવશે ને તમારાં દુઃખનો અંત આવશે.’

ત્યારે પુરૂષોત્તમ કહે, ‘સંતમાં ભગવાન પ્રગટ રહે છે. માટે સંતને છોડીને મારે બીજે ક્યાંય જવું નથી. કેમ જે, સંત સમાન બીજો કોઈ હરિભક્ત કહેવાય નહીં.’ પછી સ્વામીને બહુ દયા આવી. તેથી કહે, ‘જેમ શ્રીહરિની ઈચ્છા હશે તેમ થશે. માટે તમે ધીરજ રાખો, હું પ્રયત્ન કરું છું.’ એમ કહી ઈશ્વર



ભક્તને સાથે લઈ સ્વામી નારુપંત નાના પાસે ગયા. પરંતુ નારુપંત નાનાએ સ્વામીની વાત સાંભળીને નહિ. અને બીજા ત્રીજા બહાના બતાવ્યા. તેથી સ્વામી અંતરમાં દુઃખાઈને તરત ત્યાંથી ચાલી નીકળ્યા. તે જ સમયે શ્રીહરિએ સ્વામીનાં અંતરમાં રામચંદ્ર વૈદ્યને મળવાની પ્રેરણા કરી. તેથી સ્વામી રામચંદ્ર વૈદ્યને મળ્યા અને હરિભક્ત કડિયાને નાત બહાર મૂક્યા તથા તેમને દુઃખ આવ્યું, તે બધી વાત કરી.

તેથી રામચંદ્ર વૈદ્ય કહે, ‘સ્વામી ચિંતા કરતા નહીં, મારાથી બનશે તેટલી હું કોશિશ કરીશ. સરકાર જે વાત પકડે અને દીવાન જે વાતમાં ભળે તે છોડવી ઘણી કઠણ છે. પણ શ્રીહરિ જેમ ધારે તેમ થાય અને તે શ્રીહરિ તમારે વશ છે. તેમજ તમારાં અંતરમાં અખંડ રહ્યા છે. અને તેમનું ધાર્યું જ બધું થાય છે. હું તો નિમિત્ત માત્ર છું.’ પછી સ્વામી મંદિરે આવ્યા. અને રામચંદ્ર વૈદ્ય ગાડીમાં બેસી સરકાર પાસે ગયા. અને હરિભક્ત કડિયા ઉપર તેમના નાતિલા કડિયાઓએ મૂકેલો ખોટો પ્રતિબંધ તથા હજાર હજાર રૂપિયા દંડની



વાત કરી. તે સાંભળી સરકારે દૂતને બોલાવી હુકમ કર્યો કે, ‘જાઓ કડિયાને કહો કે કાલે કોઈ નાત જમે નહીં અને જો હરિભક્ત કડિયાને નાતમાં બેસાડ્યા વિના જમશે તો મોટો દંડ થશે.’

આ હુકમ સાંભળીને હરિભક્તોનું દુઃખ ટળ્યું ને કુસંગીઓને દુઃખ આવ્યું. શ્રીહરિ સમાન કોઈ સમર્થ નથી. તે જ કોઈપણમાં રહીને માર્ગ ભુલેલાને માર્ગ બતાવે છે. દુઃખી માણસને જ્યારે બીજા કોઈ સહાય ન કરે ત્યારે તે જો શ્રીહરિ કે સંતને સંભારે તો તે સહાય કરે છે. આમ, આધારાનંદસ્વામીએ કચેરીમાં જઈને તથા હરિભક્તોની પાસે જઈને અને શ્રીહરિને પ્રાર્થના કરીને કડિયા હરિભક્તનું દુઃખ ટાળ્યું હતું. આવા તે દયાળુ અને ભક્તો ઉપર પ્રીતિ રાખનારા સંત હતા. (સંદર્ભ : હ.ચ.સા. ૨૮/૯૯-૧૦૧)

**સર માલ્કમનું ચિત્ર દોરાવ્યું :**

સતીપ્રથાના કુરિવાજોને કારણે પોતાની સગી માતા તથા સગી ભાભીને કુટુંબીઓએ સળગતી ચિતામાં સળગાવી દીધી. તે સમયની તેમની અસહ્ય વેદના નજરે નિહાળી બંગાળના ક્રાંતિકારી વિચાર ધરાવનારા રાજા રામમોહનરાયના દિલમાં અતિ દુઃખ થયું. તેણે દઢ સંકલ્પ કર્યો કે, ‘કોઈ પણ ભોગે આ કુરીવાજ નાબુદ કરવો જ છે.’ સન ૧૮૨૭ સં. ૧૮૮૩માં અહ્લાબાદ પ્રયાગક્ષેત્રમાં મોટો કુંભમેળો ભરાયો. કોઈ મહાપુરૂષની ભાળ મળે એવા હેતુથી રાજા રામમોહનરાય ત્યાં આવ્યા. ઈશ્વર ઈચ્છાથી સર્વાવતારી શ્રીહરિના પરમહંસ નમોનારાયણાનંદ સ્વામી સમંડળ પણ ત્યાં ગયા હતા. રાજા રામમોહનરાયનું આ સંતમંડળની સાથે મીલન થયું. સંતોનાં દર્શન, વાણી અને વર્તનથી તેમનું દિલ ઠર્યું.



પોતાના કાર્યમાં મદદ થયાની માંગણી કરી. સ્વામીએ કહ્યું, 'હાલ પૃથ્વી પર સ્વામિનારાયણ નામે પરમેશ્વર પ્રગટ થયા છે; તેમના આશીર્વાદ મળે તો સર્વ વાતે સાનુકૂળ થાય.'

પછી નામોનારાયણનંદ સ્વામીની સાથે રામમોહનરાય ગઢપુર આવ્યા. શ્રીહરિને સર્વે વાત કરી. મોટીબાએ પણ આ વાત જાણીને મહારાજને પ્રાર્થના કરી જે, 'હે નાથ ! સ્ત્રી સમાજના હિતનું આ કાર્ય છે. આમ કૃપા કરો તો સારું' પછી શ્રીહરિએ આધારાનંદસ્વામીને ધ્યાનમાં બેસાર્યા. સ્વામીને ધ્યાનમાં તે સમયે મુંબઈમાં ગવર્નર તરીકે નિમાયેલા સર માલ્કમ દેખાયા. શ્રીહરિએ કહ્યું, 'જે વ્યક્તિ તમને દેખાણી હોય તેનું ચિત્ર દોરો.' સ્વામીએ ગવર્નર સર માલ્કમનું આબેહુબ ચિત્ર તૈયાર કરી બીજે જ દિવસે શ્રીહરિને આપ્યું. શ્રીહરિએ તે ચિતર નીચે શુકમુનિ પાસે ભલામણ પત્ર લખાવતાં કહ્યું. 'બંગાળ પ્રાંતમાં સતીપ્રથમ તથા સ્ત્રી શોષણનો અતિ કુરિવાજ ચાલે છે. ત્યાંના ગવર્નર મિ. લોર્ડ વિલિયમ બેંટીનિક આપના સ્નેહી છે; તો આવેલ વ્યક્તિની વાત સાંભળી તમો નારીસમાજના હિત માટે તે પ્રાંતમાં યોગ્ય પગલાં લેવાય તેવી મદદ કરશો.'

આ પત્ર શ્રીહરિએ રામમોહનરાયને આપ્યો તેમની સાથે ગઢપુરથી હરજી ઠક્કરને મોકલ્યા. સન. ૧૮૨૮માં આ બંને મુંબઈના ગવર્નર સર માલ્કમને મળ્યા. શ્રીહરિએ આપેલો પત્ર તેમને આપ્યો. પોતાની અદ્‌ભુત પ્રતિકૃતિ નિહાળી તે અચંબો પામી ગયા. અને પૂછ્યું, 'આ કોણે દોર્યું ?' હરજી ઠક્કરે ઉપરોક્ત વાત કહી. શ્રીહરિએ કરેલા સમાજ સુધારણાનાં કાર્યો થાય, તે માટે ત્યાંના ગવર્નરને ભલામણ પત્ર લખી આપવા અને તે માટે યોગ્ય પગલાં લેવા રૂબરૂ વાત કરી. શ્રીહરિએ સર માલ્કમના અંતરમાં પ્રેરણા કરી. તેથી તેમણે તેમના ઉપરી અધિકારી બંગાળમાં નિમાયેલા મિ.લોર્ડ વિલિયમ બેંટીનિક ઉપર પત્ર લખી આપી પોતાની સહી કરી.

ત્યારબાદ હરજી ઠક્કર ગઢપુર આવ્યા. રામમોહનરાય પોતાના વતન બંગાળ ગયા. સન્ ૧૮૨૯માં આ પત્ર ત્યાંના ગવર્નરને આપ્યો. તેણે ત્યાંની વર્તમાન સ્થિતિ તપાસ તેના ઉપર કેમ અંકુશ લેવો તેની યોગ્ય ગોઠવણી કરી. ત્યારબાદ એક વર્ષે સન્. ૧૮૩૦માં બંગાળ નારી સમાજના હિતમાં સતિપ્રથા નાબુદીનો કાયદો પસાર કર્યો. આમ, બંગાળ પ્રાંતમાં સમાજ હિતનાં કાર્યો થયાં. તેમાં પણ શ્રીહરિએ આધારાનંદ સ્વામીને નિમિત્ત બનાવ્યા હતા.

અને વળી આધારાનંદ સ્વામીએ સંપ્રદાયના સાહિત્ય સર્જનની આશ્ચર્યજનક અદ્‌ભુત સેવા કરી છે. નારાયણ અંગચિંતામણિ તથા શ્રીહરિની સચિત્ર જન્મપત્રી, અક્ષરબાવની, યમયાતના, શિક્ષાપત્રી દોહાવલી અને સમગ્ર વિશ્વનો અજોડ ગ્રંથ હરિચરિત્રામૃતસાગર તથા અને કીર્તનોની રચના કરી સ્વામીએ આ સત્સંગના સાહિત્ય વારસાને અમર બનાવ્યો છે. આ તમામ ગ્રંથોની વિશેષ વિગત શ્રી સ્વામિનારાયણ સંત આખ્યાન પુસ્તકમાં પેજ ૬૮૪ થી ૭૧૨ સુધીમાં આપેલી છે. વિશેષ જીજ્ઞાસુએ ત્યાંથી વાંચી લેવી.

આમ, આધારાનંદસ્વામીનું સમગ્ર જીવન પૂર્ણપુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો - ભક્તોની સેવામાં, તેમજ સત્સંગની મા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામીના સેવક અને લહિયા તરીકે તથા સંપ્રદાય માટે શ્રીહરિનાં ચરિત્રનો રસાસ્વાદ કરાવનાર મહાન કવિ અનો સ્વામિનારાયણ ભગવાનની મુતિ સહુનાં મનમંદિર

(અનુ.પાન ૨૧ પર)

# શ્રી આલાભાઈ સુતાર
## બારપટોળી



લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી પૂ. ચેરમેનશ્રી - વડતાલ

“નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી,
પત્રાવળાને જમી કરીને, બહાર ફેંકી દેવુંજી.”
- નારાયણદાસ

એક દિવસ આલાભાઈ સુતારના જીવનમાં એક ઘટના ઘટી ગઈ. તેમનો પરિવાર પ્રભુ કૃપાથી ક્ષેમકુશળ હતો પણ નજીકના સ્નેહી સંબંધીને ત્યાં ભરબપોરે વીજળી પડી. એકનો એક જુવાન દીકરો દેવલોકમાં સિધાવ્યો. છાતી ફાટ રૂદન થાય. કરૂણ આક્રંદની વચ્ચે સૌ સૌની હૈયા વરાળ ઠાલવતા જાય ને સાંત્વના આપતા જાય. એક કહે મારો પુત્ર છે પણ બહેરો છે. બીજો કહે મારો બોબડો છે. એક કહે મારો અંધ છે. બીજો કહે મારો અપંગ છે. એક કહે મારો કોઢિયો છે. બીજો કહે મારો કુમતિ છે. સુતમાં ક્યાં સુખ છે.

વડીલે આશ્વાસન સાથે કહ્યું : ભગવાને સંસારની રચના જ એવી કરી છે કે , વિત્તવાળાને સુત નહિ ને સુતવાન નિર્વિત્ત, અને કદાચ સુત અને વિત્ત, બંને હોય તે રોગી હોય. પરણીને સુખી થવા જાય ત્યાં નારી રૂપવંતી અને ગુણવંતી મળે તો તે કાં વિધવા થાય ને વાંઝણી જાય. આમાં ક્યાં સુખની આશા રાખવી, હરિ ભજન જ સુખનું મૂળ છે.

વડીલ સજ્જનની વાત તે પરિવારને કેટલી અસર કરી તે તો કોઈને ખબર ન પડી, પણ એક ખૂણામાં બેઠેલા આલાભાઈના હૃદયમાં આરપાર ઉતરી ગઈ. સોના જેવા શુદ્ધ નિતિમય જીવનમાં ભક્તિની સુગંધ મળી. પેટિયું રળીને સૌ મળીને ભક્તિ કરે, પણ જીવમાં ભારે અસંતોષ, તેમનું મન મૂર્તિમાં નહિ, મૂર્તિમાનમાં વળગેલું. ‘અંખિયા હરિ દર્શન કી પ્યાસી’ ભેખમાં ભગવાન મળે છે, તેમ માનીને સાધુ સંતોની સેવા કરતા. કોઈ મહાપુરુષના મુખ પર બ્રહ્મતેજ દેખાય તો બ્રહ્મસાક્ષાત્કારની ઝંખના કરે. પ્રગટ દર્શનનો ઉપાય જાણવા પ્રયત્નો કરે પણ તેમની આશાને મૂર્તિમંત કરે એવા પુરુષ હજું સુધી મળેલા નહિ. ઘણી વાર અંતરનાં ઊંડાણમાંથી અવાજ આવતો : આલા, આમને આમ મરી જઈશ ? આ કળિકાળમાં પ્રગટની પ્રાપ્તિ ન હોય. માટે વલખા મારી મારીને મરવું તે ભગવાને આપેલા મનુષ્ય શરીરનું અપમાન છે, માટે મોજથી જીવી લે. આલા, મોજથી જીવી લે.

મનની આ એક માયા છે તેમ માનીને આલાભાઈ બધું ભૂલી જતાને ભક્તિમાં લાગી જતા, છતાં અંતરતલપ વધતી જતી હતી. તેમની દૈનિક પ્રાર્થનાનો સૂર વધુ આર્ત ભાવભર્યો થતો જતો હતોઃ “ હે પ્રભુ ! આ આલાની આંતરડી ઠાર. વિરહની આગ પ્રજળે છે. તારી કૃપાની વાદળી વરસાવ, દર્શન દે દયાનિધિ દર્શન દે અને દર્શન ના દે તો કંઈ નહિ,



એટલું કે દર્શન દિધા વિના દેહ નહિ પડવા દવ...''

આલાભાઈની આર્તસ્તુતિ અવિનાશીએ સાંભળી. આર્તભાવે કરેલી પ્રાર્થના ક્યારેય વ્યર્થ નથી જતી. આલાભાઈને ત્યાં સુતારી કામની જાણકારી લેવા જોગાભાઈ પટેલ આવ્યા. પટેલ સત્સંગી હતા. કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરેલું. કંઠમાં કંઠી ધારણ કરેલી. પટેલ લાકડાંની વાત કરતા હતા, પણ આજ આલાભાઈનું મન પેલા તિલક પર હતું. તેણે ધીરે રહીને પૂછ્યું જોગાભાઈ ! લાકડાની વાત તો તમને કરીશ જ પણ પેલા એ કહો કે, આ તિલક આવું કેમ કર્યું છે. જોગાભાઈએ પ્રગટ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રતાપની વાતો કરી. સંતોનો મહિમા કહ્યો અને સત્સંગની દિવ્ય રીતભાતની વાતો કરી. આલાભાઈના અંતરમાં ઉજાસ પથરાયો. ટાઢું ટાઢું થઈ ગયું. તેમણે બંનેએ સાથે મળીને સમયની અનુકૂળતાએ ગઢપુર જઈને દર્શન કરવાનું નક્કી કર્યું.

આલાભાઈને દર્શનની તાલાવેલી હતી પણ જોગાભાઈને વધુ જીવોને જોગ થાય તેવી ઈચ્છા હતી, તેથી સંઘ લઈને દર્શને જવાનું વિચાર્યું. તેમાં સૌની અનુકૂળતા જોવા જતા થોડો સમય ખેંચાઈ ગયો. એક દિવસ સંતપ્રેમી આલાભાઈને ત્યાં એક અતિથિ વૈરાગી આવ્યા. તેમની યથોચિત સેવા કરીને આલાભાઈએ તો હૃદયની ભાવોર્મિઓ તેમની સમક્ષ ઠાલવવા માંડી. મારે તો પૂર્વભવનાં પુણ્ય ઉદય થયાં છે. પણ કંઈક કરમની કઠણાય નડે છે. ગઢડા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં જવું છે પણ અંજળ નથી આવતા. આલાભાઈની પ્રેમઘેલી વાતો સાંભળીને વૈરાગીએ વિદ્વેષનું વિખ ઓકવાં માંડ્યું : અરે ભાઈ ! તુમ નહિ જાનતા, ઉનકા અસલ નામ જીવન મુક્તા હૈ. બડા પાખંડ કરતા હૈ, જાદુ ટોના ભી જાનતા હૈ, બચપનમેં ઘર સે ભાગગયા થા ઔર કામરું દેશમેં ચલા ગયા થા. વહાં ઈન્દ્રજાળ વિદ્યા પઢકે ઈધર ગુજરાતમેં ભાગ આયા હૈ, હમ જૈસે બુર્જુગ લોગો કો કોઈ પૂછતા તક નહિ હે ઓર વો ભગવાન હો ગયા હૈ.

હમે કોઈ પૂછે તો હમ બતાવે, કિ વો કૈસા પાંખડ કરતા હૈ. દેખો, મૈંને તુમ્હારી રોટી ખાઈ ઈસલિયે બતાતા હું. ઉનકા પાખંડ તુલસી ઓર સુખડ કે પાસ નહિ ચલતા. ઈસલિયે વો દોનો સે ડરતા હૈ. રામ...રામ...રામ... વૈરાગી ગયો અને ભગતની શ્રદ્ધા લેતો ગયો. શંકાશૂળ આપતો ગયા. આવા હિતેચ્છું વૈરાગીઓ આજે પણ હોય છે !

આલાભાઈએ ખૂબ વિચાર કર્યો ને પરીક્ષા કરવાનું નક્કી કર્યું. જ્યારે ગઢપુર જવાનું થાય ત્યારે તુલસી અને સુખડ સાથે લઈને જવું, એટલે પરીક્ષા થઈ જશે. બસ પછી તો પાછા રામ ભજનમાં લાગી ગયા. હવે કંઈ ગઢડા જવાની ઉત્કટ ઈચ્છા પણ ન હતી. કદાચ એટલે જ પ્રેમાનંદ સ્વામીએ 'વિમુખ જીવ કે વદન સે કથા સુની નહિ જાત' ગાયું હશે, પણ ભગતને ઘેર જોગાભાઈ પટેલને ત્યાંથી સમાચાર આવ્યા કે સંઘ લઈને પદયાત્રા કરતાં કરતાં ગઢપુર જવું છે. આલાભાઈએ ભાથું તૈયાર કરાવ્યું. તુલસી અને સુખડનાં લાકડાં પાઘડામાં મૂક્યાં.

સંઘના આગેવાન જોગાભાઈ. જોગાભાઈને સંતોનો જોગ રગ રગમાં ઉતરી ગયેલો તેથી સંઘની પદયાત્રા ભક્તિયાત્રા બની રહી. ધૂન-કીર્તન અને હરિસ્મરણ સાથે સંઘ ગઢડા પહોંચ્યો. ગઢડાની પવિત્ર ભૂમિમાં પ્રવેશ કરતાં જ આલા સુતારની માલા થંભી ગઈ. અગાઢ ગૂઢ શક્તિનો સાગર તેને ખેંચી રહ્યો હોય તેવું લાગ્યું, પણ પેલા વૈરાગીની વિખવાણીની અસર ઓસરતી ન હતી. તેના મનમાં તે વાતો ટોપલામાં પડેલાં સાપોલિયાની જેમ સળવળતી હતી.

એવામાં સંઘમાં જયઘોષ થયો. દૂરથી શ્રીહરિનાં દર્શન થયાં. શ્રીહરિ હજી દિશાએ જઈને આવી રહ્યા હતા. હસ્તપ્રક્ષાલનાદિ વિધિ બાકી હતી. સત્સંગીઓ પગે પડવા દોડ્યા, પણ શ્રીહરિ દૂર જતા રહ્યા. આ ઘટનાથી આલા સુતારના મનમાં વૈરાગીની વાતનો વિશ્વાસ વધી ગયો. તેમણે નકકી કરી લીધું કે, જાગો પટેલ જૂઠો ને વૈરાગી સાચા, પણ હવે કંઈ બોલવું નહિ. સંઘની શક્તિ આગળ આપણું શું ઉપજે ? માટે મૌન રહેવું. મારી પાસે સુખડ અને તુલસીનાં લાકડાં છે એટલે જ સ્વામિનારાયણ અમારા સંઘની નજીક પણ ન આવ્યા.

સંઘ તો તેની મસ્તીમાં હતો. દરબારગઢમાં પહોંચી ઉતારા પાણી કરીને નિત્યવિધિથી પરવારીને લીંબતરું પાસે આવ્યા ત્યાં તો શ્રીહરિ પણ સ્નાનાદિ નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કરીને આવતા દેખાયા ! સૌની આંખો એ માધુરી મૂર્તિનું રસપાન કરવા લાગી, પણ આલાને મન વૈરાગીનાં વચનના ભાલા વાગેલા. તે તો એકબાજું ઊભા રહી ગયેલા. સૌ સંઘના ભક્તોએ પ્રેમથી ધૂળમાં જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પાદસ્પર્શ કરી પરમહંસોને વંદન કરી યથાસ્થાન સભામાં બેસવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ દૂર ઊભેલા ઓલ્યા આલાભાઈને કહ્યું : અરે ઓ આલાભાઈ ! આટલા દિવસથી અમારી રાહ જોતા હતા ને હવે આજે આઘા કેમ ઊભા છો ? આવો, આવો અને તુલસી ને સુખડ ભેટ ધરો એટલે શંકાની શૂળ પણ નિર્મૂળ થઈ જશે.આ વચનો વિશલ્યકરણી ઔષધીનું કામ કરી ગયાં. તેના મનમાં વિમુખનાં વચનના ભાલા વાગેલા તે નીકળી ગયા. તેમને ખાતરી થઈ કે આ તો અંતર્યામી છે. સાક્ષાત હરિ છે. સુખડ અને તુલસી શ્રીહરિને ચરણે ધરી, એટલું જ નહિ મસ્તક પણ ચરણે ધરી દીધું. આજ મારા આતમમાં અજવાળું થયું છે. જીવતરમાં જગદીશ્વર મળ્યા છો. પ્રભુ ! આ રાંક ગંગાને કાંઠેથી તરસ્યો જઈ રહ્યો હતો તેને કૃપા કરીને બચાવ્યો છે. બસ, હવે એક જ વિનંતી છે ''અંતકાળે આવી રે સાંભળી લેજો શામળા'' કે હવે આપના કૃપારસને ચાખ્યા પછી વૈરાગીઓનાં વિખવચનો નહિ સાંભળું, હવે આ જીવતર તમારા નામ પર કુરબાન છે.''તારા ચરણ તણી રજ શ્યામ થઈને ચાલું રે,

કો'તે વ્રત રાખું મહારાજ તમને વહાલું રે.'' (પ્રેમાનંદ સ્વામી)



શ્રીહરિએ કહ્યું : અમારું કહ્યું નહી, શાસ્ત્રનું કહ્યું સ્વીકારો. આલાભાઈ કહે, પ્રભુ ! હવે આપનું વચન એ જ વેદવાણી. જોગો પટેલ પણ આ બધું સાંભળી જ રહ્યા. અંતે મહારાજે તેમને શ્રીમુક્તાનંદ સ્વામી પાસે વર્તમાન ધારણ કરાવ્યા. સ્વામીએ કંઠી બાંધીને પંચવર્તમાનની સાથે સાથે શ્રીહરિની સર્વોપરી મહિમાની વાતો કરી. ગંગાના પ્રવાહ જેવી ધીર - ગંભીરવાણીએ આલાના અંતરને અમૃત રસ તરબતર કરી દીધું. આજની સભામાં આલાભાઈ જ કેન્દ્રિયચર્ચાનો વિષય બની ગયા. સંઘના માણસો પણ પરસ્પર તેની જ વાતનો ગુંજારવ કરતા રહ્યા. મહારાજનાં દર્શન, અંતર્યામીપણે નામ દઈને કહેલી મનની વાત અને મુક્તાનંદ સ્વામીની ઉપદેશવાણી ; હીરની દોરી પર દિવેલનું ટીપું મૂકીને મારેલી ગાંઠનું કામ કરી ગઈ. આલાભાઈ આદર્શ ભગત બન્યા. ભક્ત તો હતા એમાં પ્રગટની પ્રાપ્તિ થઈ. સોળ આની સત્સંગ સાચવતા આ ભક્તરાજ સદૈવ આઠો પહોર આનંદમાં રહેતા, પણ તેમના પિતાશ્રીનો વિચાર કરતા ત્યારે થોડું લાગી આવતું. આખું ગામ આલા ભગતનું વચન માને પણ તેના પિતાશ્રી ધનાભાઈ ન માને. તેને કળિયુગમાં ભગવાન હોય તે વાતમાં કોઈ રીતે વિશ્વાસ

(અનુ.પાન ૧૯ પર)



# પૂજા – મહાપૂજા

લેખક : પૂ. સ્વામી શ્રી વિવેકસાગરદાસજી- કલાકુંજ, સુરત
ગુરુવર્ય પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી - વડતાલ)

પૂજાના વિવિધ પ્રકારો છે. તેમાં મુખ્ય બે પ્રકાર છે. (૧) પ્રકૃતિ પૂજા : ભૂમિ પૂજા, ગૌ પૂજા, વૃક્ષ પૂજા, સુર્ય પૂજા વગેરે... (૨) ભગવત્ પૂજા : પ્રાતઃ પૂજા, માનસી પૂજા, મહાપૂજા વગેરે...

**પ્રકૃતિની પૂજા**

કોઈને કોઈ માનવી ચાહે તે ભણેલ હોય અભણ, આસ્તિક હોય કે નાસ્તિક, ગરીબ હોય કે તવંગર પણ તે કોઈને કોઈ રૂપે પ્રત્યક્ષ યા પરોક્ષપણે કોઈ નિર્જીવ પદાર્થની કે વૃક્ષની કે પશુની પૂજા કરે જ છે.

ઉપકારી એવી એક નિર્જીવ વસ્તુ, પશુ કે પછી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે અ ાદર વ્યક્ત કરવો એ પૂજા છે. માનવે જીવનનો પ્રારંભ કર્યો પૃથ્વીના ખોળે. તેને પોષ્યો સુર્ય, ચંદ્ર, વર્ષાને નદીએ, તેનું રક્ષણ થયું. ખેતી - ગોપાલન અને વનસ્પતિથી ને તેનો વિકાસ થયો પ્રકૃતિના બૌદ્ધિક, વ્યાવહારિક અને માનસિક અનુભવો અને પ્રયોગોથી. તેથી આપણા ઋષિમુનિઓએ વિચાર્યું કે પૃથ્વી રહેવા માટે આશરો આપે છે ઝળહળતો સૂર્ય દરરોજ મૂક ભાવે પ્રકાશ પાથરે છે ને ચેતના આપે છે ચંદ્રમા વૃક્ષો અને ધાન્યનું પોષણ કરે છે, જીવન માટે ક્ષણે ક્ષણે વાયુ અને જળની જરૂર પડે છે. જો પ્રકૃતિ આટલી સાનુકુળ ન હોત, આટલી વૈવિધ્યપૂર્ણ ન હોત, આટલી સહનશીલ ને ઉદાર ન હોત તો માનવજીવન કદાપિ શક્ય ન હોત. આજ ભાવનાથી ઋષિ મુનીઓએ 'પ્રકૃતિ પૂજા'નો સંકેત આપ્યો.

અથર્વવેદના બારમાં કાંડમાં 'પૃથ્વી સૂક્ત'ની રચના છે જે એ દર્શાવે છે કે વૈદિક યુગથી માનવે પ્રકૃતિને હૃદયથી ચાહી છે.

તાસુનો ધહભિ પસસ્વ માતા, ભૂમિઃ પુત્રો અહં
પૃથિવ્યાઃ । પજાન્યઃ પિતા સ ઉ નઃ પિપતુ । ઋતવસ્તે
વિહિતાહાયનીરહોરાત્રે પૃથિવિનો દુહાતામ્ ।

હે મા ! પૃથ્વી અમે તારા પુત્રો છીએ, અમને અતિ પાવન બનાવ... હે પિતા પર્જન્ય (વરસાદ) ! અમારૂ રક્ષણ કરો...

હે પૃથ્વી માતા ! તમારી ઋતુઓ, દિવસો, રાત્રિઓ, અમારા મનોરથ પૂરા કરો... અમને સદા ઉત્કર્ષ આપો.

આ સકલ સૃષ્ટિની પૂજા કરવાના મંત્રો છે. માનવજીવનની જન્મદાતા - આશ્રયદાતા પ્રકૃતિનો આભાર માનવાની આ પ્રક્રિયા છે. પ્રકૃતિની દરેક ચીજ માનવ જીવન માટે ઉપયોગી અને અનિવાર્ય છે. પરંતુ આજના માનવે પ્રકૃતિનો આદર અને કદર કરવાને બદલે વિના કરવા માંડ્યો છે. તેથી જ ગ્લોબલ વોર્મિંગ જેવી અ નેક સમસ્યાઓ આપણી સમક્ષ ઉપસ્થિત થઈ છે. આપણા ઋષિમુનિઓએ ઋતુ-ઋતુ અનુસાર વાર તહેવારે પ્રકૃતિનું પૂજન થાય તેવી વ્યવસ્થા કરી હતી અને જન જનમાં આ ભાવના

સ્થાપિત કરી હતી. આથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ દ્વારા અનેક સોસાયટીમાં વૃક્ષારોપણ કરી અભિયાન ચલાવવામાં આવે છે. તો આપણે આજથી સંકલ્પ કરીએ કે પરમાત્માએ અર્પેલ પ્રકૃતિને આદર આપીએ, પૂજન કરીએ ને રક્ષણ કરીએ.

**ભગવત્ પૂજા**

(૧) પ્રાતઃ પૂજા - માનસી પૂજા :

પરમાત્માના અનંત ઉપકારોને લક્ષ્યમાં રાખી દરેક માનવે પરમાત્માની પૂજા કરવી જોઈએ. પરંતુ ઘણા લોકોના ઘરમાં ભગવાનને પધરાવવા માટે મંદિર પણ નથી હોતા તો ઘણા લોકો મંદિરમાં ભગવાનને પધરાવે છે પરંતુ તેમને ધૂપ-દીપ-આરતી-સ્તુતિ કરવાનો સમય મળતો નથી કારણ કે તેના જીવનમાં ટી.વી., હોટલ ને થિયેટર વિગેરે વિગેરે પ્રધાન થઈ ગયા હોય છે. જ્યારે સાધના ગૌણ થાય છે ને ભૌતિક સાધનો પ્રધાન થાય છે ત્યારે ઘણીવાર માનવી ઊર્ધ્વગતિના બદલે અધોગતિના માર્ગે પ્રયાણ કરતો હોય તેવું લાગે છે. જીવનમાં પ્રગતિ જરૂર છે પરંતુ તેની સાથે ઊર્ધ્વગતિની તેના કરતા વિશેષ જરૂર છે તે ભુલવું ન જોઈએ. તો ઘણા લોકો ઘરમા એક વ્યક્તિ દીવાબત્તી કરી લે એટલે બધાયનું આવી ગયું તેમ માનતા હોય છે તો ઘણા લોકો સાયંકાળે સમુહમાં ભેગા મળી આરતી - સ્તુતિ કરતા હોય છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વી પર પધારી પોતાના આશ્રિતોને કાંઈક નવો જ રાહ બતાવ્યો કે દરેકે સાયંકાળે સમૂહમાં ભેગા મળી આરતી - સ્તુતિ તો કરવી જ પરંતુ વ્યક્તિગત પ્રાતઃપૂજા પણ કરવી. વ્યક્તિગત પ્રાતઃપૂજા ભગવાન સ્વામિનારયણની દેણ છે. પ્રાતઃકાળે આંખ ખૂલતાં જ પરમાત્મા આપણને એક નવો દિવસ અર્પણ કરે છે ને જીવનનું એક કોરુ પાનું ખોલી આપે છે. જીવનના આ પાનનો શુભારંભ પરમાત્માની પૂજાથી કરવો જોઈએ. પરંતુ ઘણા લોકો ઊઠતાંની સાથે જ ચા માગતા હોય છે. તો કોઈ લોકો તો ટી.વી. ચાલુ કરી બેસી જતાં હોય છે કે પેપર વાંચવા બેસી જતાં હોય છે. ટી.વી. જોવું કે પેપર વાંચવું તેની ના નથી પરંતુ પ્રથમ સ્નાન કરી પરમાત્માની પૂજા કરી ત્યારબાદ બીજુ બધુ કાર્ય કરવું જોઈએ. કોઈકનો પ્રશ્ન થાય કે વ્યક્તિગત પૂજા શા માટે ?



જેને ભૂખ લાગી હોય તેને જાતે જ જમવું પડે તો જ તેની ભૂખ ભાંગે, જેને તરસ લાગી હોય તેને જાતે પાણી પીવે તો જ તૃષા છીપે જેને વિદ્યા પ્રાપ્ત કરવી હોય તેને જાતે ભણવું પડે તો જ તેને વિદ્યા પ્રાપ્ત થાય તેમ વ્યક્તિ સ્વયં પૂજા કરે તો જ તેને પરમાત્માની વા ને ભક્તિનો લાભ થાય. વ્યક્તિગત પૂજા કરનાર વ્યક્તિને શાંતિ મળે, બળ મળે. વ્યક્તિગત ઘડતર માટે જ વ્યક્તિગત પૂજા છે. વ્યક્તિગત પૂજા એ પરમાત્માની અંગત મુલાકાત છે.

નિત્યપૂજામાં પ્રત્યક્ષ અને માનસિક એમ બે પ્રકારના ઉપચારો વડે પરમાત્માની પૂજા કરવામાં આવે છે. પૂજામાં પરમાત્માની ચિત્રપ્રતિમા મૂતિ પધરાવી મૂર્તિ સમક્ષ આહ્વાન કરવું. માળા, પ્રદક્ષિણા, દંડવત, પ્રસાદ ધરાવવો વિગેરે પ્રત્યક્ષ ઉપચારો વડે પૂજા કરવામાં આવે છે. જો કોઈ ભક્ત ધાતુની મૂર્તિની પૂજા કરતા હોય તો પ્રત્યક્ષ ઉપચારો ષોડશ્ પ્રકારે પૂજા કરે છે. આવી જ રીતે માનસિક ઉપચારો વડે પણ પૂજા થઈ શકે જેમ કે ભગવાનને જગાડવા, દાતણ, સ્નાન કરાવવું, વસ્ત્રાલંકારો ધરાવવા, જમાડવા, આરતી, દંડવત, ભેટવું વિગેરે દ્વારા માનસી પૂજા કરવામાં આવે છે. જો શુદ્ધ ભાવે કરવામાં આવે તો આ બંને પ્રકારની પૂજા શ્રેષ્ઠ છે. આ વાતની પુષ્ટી કરતો પ્રશ્ન વચનામૃત સાં.-૩માં સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યો



છે જે, હે મહારાજ ! એક ભક્ત તો નાના પ્રકારની પૂજા સામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસી પૂજા કરે છે, એ બે ભક્તમાં શ્રેષ્ઠ તે કોણ છે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત - ગાત્ર અને ગદ્ગદ - કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે. તો ય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તો ય ન્યૂન છે.'' આમ બંને પ્રકારોમાં પ્રેમભાવ ભળે એ જ મહત્વનું છે.

બોટાદમાં ભગા દોશીના સુપુત્ર શિવલાલભાઈ રહેતા. તો ભગવાન સ્વામિનારાયણના ઉપાસક અને સમકાલીન ભક્ત હતા. તે સમયમાં તેઓ નવલખા શેઠ ગણાતા. તેઓ હંમેશા ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા અનુસાર પ્રાતઃ પૂજા કરતાં. તેમને પૂજામાં એવો આનંદ આવતો કે બે - ત્રણ કલાક કેમ પસાર થઈ જતાં તેનો ખ્યાલ રહેતો નહીં. તેમની પૂજા સ્વિકારવા સ્વયં શ્રીજી મહારાજ દિવ્ય સ્વરૂપે પધારતા. જ્યારે શિવલાલ પૂજા કરવા બેસે રામાનુજાનંદ સ્વામી પાસે બેસી દર્શન કરે. એક દિવસ સ્વામી ઉઠીને ચાલ્યા ગયા એટલે શિવલાલભાઈને થયું કે સ્વામી રોજ પૂજા પુરી થાય ત્યાં સુધી બેસે છે ને આજ કેમ વચ્ચેથી ઊઠીને ચાલ્યા ગયા હશે ? પછી સ્વામીને પૂછ્યું કે, - સ્વામી હંમેશા તો હું પૂજા કરૂ ત્યાં સુધી તમે માળા ફેરવો છો ને આજે કેમ ચાલ્યા ગયા ?

ત્યારે સ્વામીએ કહ્યું કે ભાઈ - તમે પૂજા કરવા બેસો છો ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપે આવીને વિરાજમાન થાય છે એવા મને દર્શન થાય છે માટે હંમેશા દર્શન કરવા તમારી પાસે બેસુ છું. પરંતુ આજ કોઈકના પુછવાથી કાંઈક વ્યવહાર સંબંધી વાત કરી તેથી તમારી વૃત્તિ બહાર ગઈ તેથી શ્રીજી મહારાજ જતા રહ્યા તેથી હું પણ ચાલ્યો ગયો. આ વાત સાંભળી શિવલાલભાઈને અફસોસ થયો ને પૂજા એકાગ્રતાથી કરવા સંકલ્પ કર્યો. આવી રીતે પૂજા કરવામાં આવે તો તે પૂજા શ્રીહરિ સ્વિકારે છે.

હવે આપણે માનસી પૂજાના સત્ય પ્રસંગો પણ જોઈએ. અગત્રાય ગામના વતની પર્વતભાઈ ભગવાન સ્વામિનારાયણના ભક્ત હતા. એક વખતે તેઓ પોતાના ખેતરમાં સાંતી હાંકતા હતા. તેમને માનસી પૂજા કરવા માટે સમય ન મળતાં તેઓ ચાલુ સાંતીએ માનસી પૂજા કરવા લાગ્યા. માનસી પૂજામાં જાણે કે શ્રીજી મહારાજ સુંદર બાજોઠ પર વિરાજમાન થયા છે ને હું પ્રેમથી દહીને રોટલો જમાડું છું. આમ વિશુદ્ધભાવથી પર્વતભાઈ પ્રેમમગ્ન થઈને માનસી પૂજા કરી રહ્યા હતા. આથી સાંતીએ ચાલતા બળદો ધીમા પડી ગયા તેથી બાજુના પરના સાંતી વાળાને લાગ્યું કે પર્વતભાઈ ઝોલા ખાય છે. તેથી તેમણે ઊંચે અવાજે હાકલ મારી એટલે પર્વતભાઈ જરા હલી ગયા તેથી માનસીપૂજામાં શ્રીજી મહરાજને પીરસતા દહી સાંતી પર ઢોળાઈ ગયું. આ જોઈને સાથેના સાંતીવાળાએ પૂછ્યું કે પર્વતભાઈ અહીં દહીં ક્યાંથી ? પર્વતભાઈ કહે હું માનસીપૂજામાં ભગવાનને દહી ને રોટલો જમાડતો હતો તે તમે અચાનક હાલક મારી તેથી જરા હું હલી ગયો તે દહી પીરસતા નીચે ઢોળાય ગયું.

આ વાત સાંભળી તે સાથેના સાંતીવાળાને આશ્ચર્ય થયું તે પોતાની ભુલ સમજાણી તથા

પર્વતભાઈની મોટાઈ જાણીને માફી માગી. આ પ્રસંગ પરથી એ તાત્પર્ય નીકળે કે મનમાં ચીંતવેલ પદાર્થ પણ સાકાર થઈ પ્રગટ થતા હોય છે. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો મનમાં એકાગ્રતા પૂર્વક કરેલા બળવાન સંકલ્પમાં કેટલી તાકાત હોય છે. એ સંકલ્પ જ્યારે ભગવત્ પરાયણ બનતા હોય છે ત્યારે ભગવાન તે ભક્તના ચિંતવેલા મનોમય પદાર્થો પ્રત્યક્ષ સ્વરૂપે સ્વિકારેછે. આવો જ એક બીજો પ્રસંગ છે. એક વાર વ્રજાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી આદિ બાર સંતોનું મંડળ દિવ બંદર પાસે આવેલ ઘોઘલા ગામને ગોંદરે વૃક્ષો નીચે ઉતરેલા. સંતો રોજનાક્રમ પ્રમાણે સ્નાન કરી માનસીપૂજા કરતા હતા. ભગવત્ પ્રેમમાં મસ્ત બનેલા સંતોમાંથી કોઈ પ્રભુને ચંદર ચર્ચતા હતા તો કોઈ મગવરા, ગુલાબ, ડોલર, વગેરે પુષ્પોના હાર ધરાવતા હતા તો કોઈ અત્તર છંટકાવ કરીને પ્રભુને પ્રેમથી પીરસી પ્રત્યક્ષની પેઠે જ આનંદ માણતા હતા. માનસી પૂજામાં ધ્યાનાવસ્થ બનેલા સંતોએ જે જે મનોમયી પદાર્થો ભગવાનને અર્પણ કર્યા હતા તે પદાર્થોની સુગંધ બાહ્ય વાતાવરણમાં ફેલાઈ ગઈ તે વખતે લક્ષ્મીચંદ નાના એક વણિક ત્યાંથી નીકળ્યા, તેમને ઉત્તમ પ્રકારના ચંદન અને વિવિધ પુષ્પોની સુગંધ આવી તેથી આમ તેમ જોઈ વિચાર કરવા લાગ્યા કે આવી ઉત્તમ સુગંધ ક્યાંથી આવતી હશે ? આ સાધુઓ આંખો મીંચી સ્થિર થઈને કેમ બેસી રહ્યા છે ? આમ વિચાર જેમ જેમ સાધુઓની નજીક આવે છે તેમ તેમ અધિક સુગંધ આવી. સાધુઓએ જ્યારે માનસીપૂજા પૂર્ણ કરી આંખો ખોલી ત્યારે લક્ષ્મીચંદ શેઠ પ્રણામ કરી બેઠા પછી ઉતરની સર્વ આશ્ચર્યકારક સુગંધની વાત કરી . ત્યારે સંતોએ કહ્યું કે શેઠ અખંડ ભગવત્ પરાયણ બનેલા ભક્તો જ્યારે પ્રભુભક્તિમાં મસ્ત બની શુદ્ધ ભાવનાથી ભગવાનને ધ્યાનાવસ્થામાં જે જે વસ્તુઓ સંકલ્પ કરી ભગવાનને અર્પણ કરે છે તે વસ્તુ તેની ઉત્કટ ભાવનાથી ભગવાન પ્રત્યક્ષની માફક સ્વિકારે છે, જેનો અનુભવ કોઈક વખતે આપ જેવા મુમુક્ષુઓને થાય છે. સંતોએ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના મહિમાની વાતો કરી તેથી વણિકના હૃદયમાં ઘણી સદ્ભાવના જાગ્રત થઈ અને હૃદય સત્સંગથી રંગાઈ ગયું ને સત્સંગ સ્વિકાર્યો ને આફ્રિકા જેવા દેશમાં વ્યવસાય અર્થે ગયા ત્યાં પણ સત્સંગના નિયમો દ્રઢપણે પાળતા હતા.



**માનસી પૂજાના પ્રકારો**

ઉપરના પ્રસંગમાં આપણે માનસી પૂજાની અંદર ઘટેલી ઘટનાની વાત કરી. આ માનસી પૂજા દિવસ દરમિયાન પાંચ વખત કરવી. એવી ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે. (૧) સવારમાં પ્રાતઃ પૂજામાં ભગવાનને જગાડવા, જમાડવા, શણગાર કરવા વિગેરે વિગેરે... આ માનસી પૂજાને પ્રાતઃ શણગાર માનસી પૂજા કહે છે. (૨) બપોરે જમતા પહેલા ભગવાને માનસી પૂજામાં ભગવાનને જમાડવા ને પોઢાડવા તેને રાજભોગ માનસી પૂજા કહે છે. (૩) બપોરના આરામ બાદ ભગવાનને જગાડવા તથા મુખ પ્રક્ષાલન કરાવવું તથા હળવો નાસ્તો કરાવવો. તેને ઉત્થાન માનસી પૂજા કહેવામાં આવે છે. (૪) સાયંકાળે ભગવાનને જમાડવા તેને સાંધ્યની માનસી પૂજા કહેવામાં આવે છે. (૫) રાત્રે ભગવાનને શયનના વસ્ત્રો પહેરાવવા, દુધ અથવા હળવું પીણું પીવરાવવું તથા સુંદર ઢોલીયા પર મુલાયમ ગાદલું ઓછાડ વિગેરે બિછાવી ભગવાનને પોઢાડવા તથા પગચંપી કરવી તેને શયન માનસી પૂજા કહે છે.

**સમયાનુસાર માનસીપૂજા કરવાની રીત**

શ્રીજી મહારાજે ગ.અં.પ્ર.-૨૩માં

(અનુ.પાન ૨૩ પર)



# શિક્ષાપત્રી
## A Management Mannual

- ડો. સુરેશ પટેલ

અગાઉના અંકમાં લેખ-સમાપન વેળાએ નીચેના પ્રશ્નો ઉઠાવેલા.

૧. ધર્મ કોને કહેવો ?

૨. મેનેજમેન્ટમાં ક્યાંય ધર્મ હોય ખરો ?

૩. પૈસા કમાવા એ ધર્મ છે ?

૪. વસ્તુની હેરાફેરી એટલે ચોરી કે ચોરી એટલે હેરાફેરી ?

૫. ધણીની જ ખબર ન હોય તો આજ્ઞા કોની લેવી ?

આ પ્રશ્નો પૈકી અગાઉના અંકમાં આપણે ધર્મને વ્યાખ્યાયિત કર્યો હતો અને ખૂબ ઉંડાણપૂર્વક એની ચર્ચા કરી હતી. બાકીના પ્રશ્નો હવે લઈએ.

**(૧) મેનેજમેન્ટમાં ક્યાંય ધર્મ હોય ખરો ?**

Management શબ્દને જરા છૂટો પાડીને જોઈએ તો Man-age-ment થશે. પોતે જ બે અર્થ ઈંગિત કરે છે. એક તો માણસનું વ્યવસ્થાપન અને બીજું સમયનું વ્યવસ્થાપન ! માણસનું વ્યવસ્થાપન એટલે માણસનાં 'કાર્યો', (Doing) 'વિચારો' (Thinking) અને 'ઉર્મિઓ' (Feeling) નું વ્યવસ્થાપન. આ વ્યવસ્થાપન સુચારુ રૂપે થાય તે માટે પ્રત્યેક માણસે પોતે અને એને કાર્યમાં યોજનાર વડાઓએ કે સંસ્થાએ એ માણસના અભિગમ કૌશલ્ય અને જ્ઞાનનું વ્યવસ્થાપન કરવું પડે. દા.ત. મારે ૧૦૦ મીટર ઝડપથી અને આનંદપૂર્વક તરવું હોય તો મારી પાસે તરવાની ક્રિયા પ્રત્યેનો હકારાત્મક અભિગમ, તરવાનું કૌશલ્ય અને સ્નાયુઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાનું જ્ઞાનઅવશ્યપણે હોવું જ જોઈએ. હવે આ Doing, Thinking અને Feeling માણસને પોતાના અસ્તિત્ત્વનો બોધ જો ન હોય તો અભિવ્યક્તિની અસરકારકતા ઓછી થઈ જાય અને 'અસ્તિત્ત્વ-બોધ' માણસને ધર્મ થકી સરળતાપૂર્વક પ્રાપ્ત થાય છે. (આ તબક્કે હું વાચકોને પુનઃ અગાઉનો લેખ વાંચવા ભલામણ કરું છું જેમાં 'ધર્મ' અંગે વિશદ કરવામાં આવ્યું છે.) અર્થાત્ મેનેજમેન્ટના પાયામાં જ ધર્મ છે. ઘણા લોકો મેનેજમેન્ટનો 'પૈસા કમાવા' તેવો સીમિત અર્થ કરતાં હોય છે. જો એ સાચું હોય તો મોટા ધનપતિઓ એમની કમાણી બેંકોમાં મૂકીને આરામ જ કરતા હોત. પૈસાનો નિષેધ નથી પરંતુ 'પૈસા કમાવા' એ જ માત્ર લક્ષ્ય હોતું નથી.

**(૨) પૈસા કમાવા એ ધર્મ છે ?**

હવે આ પ્રશ્ન લઈએ. આપણે ત્યાં પ્રાચીન શાસ્ત્રોમાં મનુષ્યના ચાર પુરૂષાર્થની વ્યાખ્યા કરવામાં આવી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. જે ક્રમમાં આ શબ્દો મુકાયા છે તે ક્રમ પણ મહત્વનો છે. મેનેજમેન્ટના સંદર્ભે હું આને System કહેવાનું પસંદ કરું છું.

'ધર્મ' પૂર્વક જીવનાર મનુષ્ય ધીરે ધીરે દૈવી સંપદાઓ (જૂઓ ભગવદ્ ગીતા, અધ્યાય-૧૬,

શ્લોક નં. ૧ થી ૩) ધરાવતો થાય છે. અને ક્રમશઃ એના જીવનમાં સાનુકૂળતાઓ વધી જાય છે. સાનુકૂળતા વધી શકે તે માટે વિવિધ પ્રકારના વિનિમય થતા હોય છે. પૈસા (એટલે કે અર્થ) આ વિનિમય માટેનું સાધન બને છે. વિનિયમમાં પ્રવૃત્ત મનુષ્ય વિનમયને હજી વધુ સરળ બનાવવા વિવિધ વસ્તુઓ - પદાર્થો - સગવડો એકઠી કરે છે. (કામ) ઘણું બધું એકઠું કરવાની કામનાઓમાં વ્યસ્ત રહેવા છતાં મૂળ ‘ધર્મ પૂર્વક’ જીવન સતત રહે તો એ વ્યક્તિને સરવાળે પદાર્થો અને પ્રક્રિયા પ્રત્યેની પ્રીતિ ક્રમશઃ ઘટતી જાય છે. એ કાર્યો તમામ કરે છે પણ જલકમલવત્ રહીને જ. (પાણીમાં હંસ કે પાણીમાં કમળ, બંને પાણીમાં છે પણ પાણીના સ્પર્શથી લોપાતાં નથી.) એની જલકમલવત્ સ્થિતિની પરાકાષ્ઠા એટલે જ મોક્ષ, તમામ પદાર્થો અને પ્રક્રિયાની પછવાડે જ્યારે ઈશ્વરનો હાલ અનુભવવા લાગે છે ત્યારે ઈશ્વર પ્રાપ્તિની સ્થિતિ ઉત્પન્ન થાય છે જેને મોક્ષ કહી શકાય. મોક્ષનો સરળ અર્થ છે. મુક્તિ.

(ઈશ્વરના ધામને અક્ષરધામ કહે છે. જે ‘ક્ષર’ નથી તે અક્ષર. પદાર્થો અને પ્રક્રિયાઓ ક્ષર છે. એટલે કે ‘ક્ષરધામ’માંથી ‘અક્ષરધામ’માં જવાની વાત એટલે મોક્ષ!)

ઉપરોક્ત સંદર્ભે હવે વિચારણા એ કરવાની છે કે આપણો મૂળ રસ ‘પૈસા’માં છે કે ‘વિનિમય’માં છે? હું આવું સમજું છું કે મારે રોજ સામાન્ય રીતે જવું હોય તો ૧૫ રૂપિયામાં રાજ્ય પરિવહન નિગમની બસમાં હું જઈ શકું અને પહોંચતાં મને ઘરથી કચેરી સુધી કુલ ૧ કલાક થાય. જો આ મને મંજૂર હોય તો મરે ૧૫ રૂપિયાની જરૂર છે. પરંતુ જો પરંતુ જો મારે માત્ર ૨૫ મિનીટમાં કપડાં ગંદા કર્યો વગર અને પરસેવે ન્હાયા વિના પહોંચવું હોય તો મારે ટેક્સી કરવી પડે અને માટે મારે ૪૦૦ રૂપિયા ખર્ચવા પડે. વળી રોજે રોજ ટેક્સી બોલાવવાની ઝંઝટ ન કરવી હોય તો ૪ થી ૫ લાખ રર્પિયાની એરકંડીશન્ડ કાર ખરીદવી પડે. આ એક વિનિમય માટે મારે ૧૫ રૂપિયા અથવા ૪૦૦ રૂપિયા અથવા ૪ લાખ રૂપિયાની જરૂર પડે ! (પંસદગી મારી તો પરિણામો પણ મારાં) હવે ૧૫ રૂપિયા કમાવવા માટે મારે કદાચ ૧૦ મિનીટ ખર્ચવી પડે અને ૪૦૦ રૂપિયા કમાવવા માટે આખો દિવસ ખર્ચવો પડે કે ૪ લાખ રૂપિયા કમાવવા માટે આખો માસ ખર્ચવો પડે. (પસંદગી મારી તો પરિશ્રમ પણ મારો જ!)



સરવાળે મેં નક્કી કરેલી મારી પસંદગીઓને પાર પાડવા મારે વિનિમય કરવો પડે. અન્ય પાસે કરાવવો પણ પડે. આ વિનિમય માટેનું એક સાધન એટલે પૈસા. વિનિમય વગર જગત ચાલે નહીં. વિનિમય અગાઉના વખતમાં શ્રમ, મીઠું તાંબુ રૂપું વગેરેમાં થતો. આજે કાગળની પ્રિન્ટેડ કાપલીઓ (Currency અથવા પૈસા)માં થાય છે! આ વિનિમય ચાલતો રહે તે માટે પૈસા કમાવા પટે છે અને એટલે પૈસા કમાવા એ અધર્મ નથી. (યાદ રહે પૈસા પાછળ





દોડ્યા કરવું, પૈસા પાછળ પાગલ થવું કે પૈસા કમાવાની પ્રક્રિયામાં બેહોશ થઈ જવું એ સરાસર અધર્મ જ છે.)

વધુમાં ઈશ્વરદત્ત શક્તિ - સામર્થ્યનો પ્રયોગ - ઉપયોગ - સદુપયોગ કરી એટલા પૈસા તો કમાવા જ જોઈએ કે તે પૈસા થકી 'જે કમાઈ શવા અસમર્થ છે' તેને ઉપયોગી થઈ શકાય. માત્ર પેટ ભરવા ૩ રોટલી અને શરીર ઢાંકવા ૪ જોડી કપડાં પૂરતાં થઈ પડે પણ ક્ષમતા જો ૩૦૦ રોટલી કમાવાની હોય તો કામ કરવા અસમર્થ અને નિઃસહાય એવા ૨૯૭ વૃદ્ધોને ભોજન આપી શકાય. પૈસાનું બાહૂલ્ય સ્વાર્થના વર્તુળને મોટું બનાવવાની તક પુરી પાડે છે. પરિવારનું કદ ૪-૬ થી વધુ ૪૦૦-૬૦૦ સુધી કરી શકાય છે.

પૈસાના સંદર્ભમાં પોતાની જાત સાથે એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ અને તે છે 'જીવન નિર્વાહ કરવા માટે પૈસા આવશ્યક છે. પરંતુ પૈસા કમાવા માટે જીવન નથી.' (સમજવા માટે સમાંતર ઉદાહરણ જૂઓ. : જીવન જીવવા માટે શ્વાસ લેવો આવશ્યક છે પણ આપણે કંઈ શ્વાસ લેવા માટે જીવતા નથી.)

**(૩) આ જમાનામાં ધાર્મિક રીતે પૈસા કમાઈ શકાય ખરા ?**

હા, હા અને ચોક્કસપણે હા, પરંતુ, એ માટે સૌ પ્રથમ ધર્મ સમજી લેવો જોઈએ. બીજું, આપણો વ્યવસાય 'કોઈક પ્રશ્નનું નિરાકરણ કરનારો' અને 'આગવો' હોવો જોઈએ અને ત્રીજું એ વ્યવસાય કરવા માટેનો અનુરૂપ અભિગમ કેળવવો જોઈએ. શ્રેષ્ઠતમ કૌશલ્યો કેળવવા જોઈએ અને જે તે ક્ષેત્રનું સંપૂર્ણ જ્ઞાન હોવું / મેળવી લેવું જોઈએ. જો આમ થાય તો વ્યવસાય તો સરસ રીતે ચાલે જ, સાથોસાથ પૈસા પણ મળે. (વાચકો વિચાર કરો - રોટલાની ઉપર શાક ચોટાડીને ઉપર મરચું ભભરાવીને ખાવા જેવી સામાન્ય વાત ઉપર 'પીઝા-હટ'નો બહુરાષ્ટ્રીય વ્યાપાર કેમ આટલો બધો વિકસ્યો છે?)

આ તબક્કે ગાંધીજી દ્વારા કહેવાયેલ 'ગ્રાહક સેવા'નો સિદ્ધાંત અમલમાં મૂકવાની હું સૌને ભલામણ કરું છું.

**(૪) વસ્તુની હેરાફેરી એટલે ચોરી કે ચોરી એટલે હેરાફેરી ?**

આ પ્રશ્નો સીધો જવાબ છે - જેના ઉપર આપણો ભારતીય સંવિધાનના કાયદા મુજબ અધિકૃત હક્ક નથી, તેવી તમામ ચીજો 'માલિક' પાસેથી 'પોતાની' કરી લેવા માટેની હેરાફેરી એટલે ચોરી. અહીં 'વસ્તુના માલિક હોવું' એ સમજવું જરૂરી છે. જો કોઈ વ્યક્તિની દૈનિક કમાણી ૫૦૦ રૂપિયા હોય અને એના ઘરમાં એ કમાડી થકી ૧૫૦૦૦ રૂપિયાનું ટીવી ખરીદીને વસાવે તો એ 'ટીવી' નામનો સ્થૂળ પદાર્થ હકીકતે એ વ્યક્તિનો 'એક માસનો શ્રમ' જ છે અને બીજા શબ્દોમાં એના જીવનનો ૧ માસ જેટલો સમય (સમગ્ર આયુષ્યનો ૧ ભાગ) ટીવીના સ્થૂળ સ્વરૂપે ઘરમાં સ્થિર થયો છે. હવે જો અન્ય કોઈ વ્યક્તિ આ ટીવી ચોરી જાય તો એણે પ્રથમ વ્યક્તિના જીવનનો જ ક્ષય કર્યો કહેવાય. જે એક પ્રકારની હિંસા જ થઈ અને હિંસાનો નિષેધ સર્વ ધર્મો - સંપ્રદાયોએ સ્પષ્ટપણે કર્યો જ છે.

આપણાં ઘરોમાં પરિવારના સભ્યો પોતાના ખ્યાલ બહાર અજાણપણે - અભાવપણે ચોરી કરતાં હોય છે એનું એક ઉદાહરણ આપું. જે ચીજની ઘરમાં જરૂર નથી એ ચીજ ખરીદવા માટે જીદ કરનાર પત્ની, એના પતિના (જો એ કમાવા જતો હોય તો તે) આયુષ્યમાંથી થોડા સમયની આ રીતે ચોરી કરે છે. તમામ વાચકોને એક Excrcise કરવાની ભલામણ કરું છું. ઘરમાં તમામ વસ્તુઓની કિંમતનો સરવાળો કરી એને દૈનિક વેતન વડે ભાગો. જે જવાબ મળશે તે દિવસો (તમારા જીવનના) સ્થૂળ સ્વરૂપે ઘરમાં સ્થિર

(અનુ.પાન ૨૧ પર)



આલાભાઈ... (પાન ૧૧ નું ચાલુ)

બેસે નહિ ને આલા ભગત અંતરમાં મૂંઝાયા કરે.

એવામાં એકવાર શ્રી રાઘવાનંદ સ્વામી બારપટોળી પધાર્યા. આલાભગતે આગ્રહ કર્યો. અમારા સંત આવ્યા છે ને આપને યાદ કરે છે. પિતાજી ! તમે મળવા તો આવો, સંતને મળવામાં વળી શું નુકશાન ? ધનાભાઈએ ઘડિનોય વિલંબ કર્યા વિના ધડ દઈને ના પાડી દીધી. મારાથી એ નહિ બને. બાપ - દીકરાને ખૂબ લાંબી રકઝક ચાલી. આલાભગત નિરાશ થવામાં માનતા જ ન હતા. તેણે તેની વાત પકડી રાખી, એટલું જ નહીં થોડા કડક શબ્દો પણ કહ્યા. ત્યારે ધનાભાઈએ પોતાની પક્કડ ઢીલી કરી. સારું ત્યારે આવું, પણ હું લાંબું નહિ બેસું. ઈ કથા ને ઈ વાતું તો નહિ જ ફાવે, સમજ્યો ? આલાભગતે કહ્યું, દર્શન કરીને બે મીઠી વાત કરીને પાછા આવી જજો એટલે તમારું પણ રહે ને અમારા સંતનું વચન પણ રહે.પિતા પુત્ર સંતો પાસે આવ્યા. પિતા સાથે મીઠો કલહ કરવામાં કથા પૂર્ણ થઈ ગયેલી. શ્રી રાઘવાનંદ સ્વામી ત્યાં જ બિરાજમાન હતા. ભગતે થોડી ઓળખાણ કરાવી. સ્વામીએ, અજસ્ર વાગ્ધારા વહાવી, ધનાભાઈનું અંતર વીંધાઈ ગયું, પણ પાછલાં કર્મએ હાથ પકડ્યો. હવે ગઢપણમાં ગોવિંદ ગાવાથી કંઈ નહિ વળે, કરેલાં કર્મ ભોગવ્યાં વિના ક્યાં કોઈનો છૂટકો છે ? માટે આ ઉંમરે હવે આ શું કરો છો. અંતરમાં થોડી લડાઈ થઈ પણ સંતનું સાનિધ્ય હોય એટલે સત્યનો જ વિજય થાય. (ગ .પ્ર.૭૦) ધનાભાઈએ હિંમત કરીને કહ્યું કે, કંઠી બાંધું પણ માત્રને માત્ર એક જવાર, બીજીવાર કંઠી નહિ બાંધું, માટે મને વચન આપો કે, કંઠી તૂટે એટલે આલાના ઐશ્વર્યશાળી ભગવાન મને ધામમાં તેડી જાય; તો હું કંઠી બાંધુ.

સ્વામીએ કહ્યું : એ ભગવાન સ્વામિનારાયણ તમારો એ સંકલ્પ પૂર્ણ કરશે. પણ એકવાર તમે તેના શરણાગત થાઓ. પંચવર્તમાન ધારણ કરો અને પ્રેમે પ્રગટનો ભક્તિયજ્ઞ આદરો. અંતકાળની રાહ જોયા વિના કંઠી તૂટે એટલે તમને અક્ષરધામમાં પહોંચાડવાની જવાબદારી અમારે શીરે.

સંતની આવી કરુણાભરી વાણી સાંભળીને ધનાભગતનું પાષાણ જેવું લાગતું હૃદય નવનીતની જેમ પીગળી ગયું. તેની આંખો સજળ થઈગઈ. હાથ જોડ્યા. તો કરો કંકુના. સ્વામીએ શરણમંત્ર બોલીને કંઠી પહેરાવી. ધનાભાઈ ધન્ય થઈ ગયા. આલાભગતનું અંતર આનંદથી નાચી ઊઠ્યું.

એક દિવસ સવારે ધનાભગત, હે મહારાજ ! ઘેલા નાહ્યા, ગોમતીમાં નાહ્યા, હે મુક્તાનંદસ્વામી ! હે ગોપાળાનંદ સ્વામી ! હે વરતાલવાસી ! એમ શ્રીજી સ્મરણ સાથે સ્નાન કરતા હતા. હાથનો ઝટકો વાગ્યો ને કંઠી તૂટી ગઈ ! આલાભગતે નવી કંઠી આપી, પણ તેમણે કહ્યું : મે તો એક જ વાર કંઠી ધારવાનું નિયમ લીધેલું. હવે બસ, હું જો તારા ભગવાન ખરેખર પ્રતાપી હશે, તારા સંત સાચા હશે તો આજે જ આ શરીર છોડીશ. માટે તું કામે પણ ના જઈશ. સ્નાન-પૂજાપાઠાદિક નિત્યવિધિમાંથી પરવાર્યા, ત્યાં તો શરીરમાં કળતર જેવું લાગ્યું. મધ્યાહ્ન સમય થયો ત્યાં તો તીવ્ર જ્વર આવ્યો. ધનાભાઈ સમજી ગયા. ગૌછાણથી ભૂમિ લીંપાવીને હાથમાં માળા લઈને ભજન કરવા બેઠા. તેમની ઉંમર જેટલી માળા પુરી થાય તે પહેલાં જ ભગવાન શ્રીહરિ સદ્‌ગુરુશ્રી રાઘવાનંદ સ્વામીને સાથે લઈને પધાર્યા. દર્શન કરતાં જ ભગતે બૂમ પાડી: સંતો આવ્યા, બહેનો બહાર જતાં રહો. નહિતર તેમને કારણ વિનાનો ઉપવાસ આવશે. બહેનો બહાર ગયાં. ધનાભાઈએ સૌને છેલ્લા જય શ્રી સ્વામિનારાયણ કહ્યા ને ધામમાં સિધાવ્યા. આલાભગતે છતે દેહે પિતાની સદ્‌ગતિનો આનંદ માણ્યો. નાશવંત દેહ વડે અવિનાશી ફળ પોતે તો લીધું જ, પિતાને પણ દીધું, સત્સંગ રસપાન કરાવીને.



# સદ્ગુરુ સ્મરણાંજલિ મહોત્સવ - કલાકુંજ - સુરત

શ્રી સ્વામિનારાયણ મંદિર - કલાકુંજ, સુરત ખાતે સદ્ગુરુ સ્મરણાંજલિ મહોત્સવમાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ ઉપસ્થિત રહી દર્શન અને આશીર્વચનનો લાભ આપ્યો હતો.





## શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગૌશાળા-વડતાલધામ

વડતાલધામ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગૌશાળામાં ૧૫૦ ઉપરાંત ગાયોની સેવા કોઠારીશ્રીની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. તસવીરમાં ગૌશાળાની એક ઝલક








## શ્રી હરિકૃષ્ણ મહારાજ બાળ ધૂન મંડળ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે બાળકોમાં સંસ્કાર સિંચન માટે દર રવિવારના રોજ યોજાતી બાળ સભાનું એક દ્રશ્ય






# રાધાઅષ્ટમી ઉત્સવ





**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે રાધાઅષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી દરમિયાન અન્નકૂટ - આરતી પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા કરવામાં આવી હતી.**

શિક્ષાપત્રી... (પાન ૧૮ નું ચાલુ)

થઈ ગયા છે એનો અહેસાસ કરો. આ દિવસો ગયા તે ગયા, હવે ફરી મળનાર નથી એ સત્યથી સભાન થઈ જાઓ. જો આ સભાનતા આવશે, તો હવે પછીના દિવસો પ્રેમથી - શાંતિથી - આનંદથી - સમજણથી જીવવાની શક્યતા વધી જશે.

**(૫) ધણીની જ ખબર ન હોય તો આજ્ઞા કોની લેવી?**

રસ્તે ઉગી નીકળેલ છોડ પરનાં ફૂલો પર પતંગિયાઓ - પક્ષીઓનો અધિકાર છે. આપણો પોતાનો નહિં! કેમકે ફુલો કુદરત ઉગાડે છે. જીવનચક્ર ચાલતું રહે તે માટે કુદરતે ઉગાડ્યા તો કુદરત જ ધણી. તમામ ખુલ્લી જમીન પર રાષ્ટ્રના તમામ નાગરિકો અથવા તો રાજ્યતંત્રનો અધિકાર છે. આપણો એકલાનો નહિં! રસ્તા ઉપર કચરો ફેંકનાર, ધણીની આજ્ઞા સિવાય રસ્તાનો કચરાટોપલી તરીકે ઉપયોગ કરે છે, જે સરાસર ખોટું છે. નાગરિક તરીકે અયોગ્ય જણાતા કાયદાનો વિરોધ કરવો વાજબી છે, પરંતુ કાયદો ન બદલાય ત્યાં સુધી એનું પાલન કરવું એ પણ આવશ્યક જ છે. નહિં તો 'ધણીની આજ્ઞા' લોપ્યા બરાબર જ છે.

આધારાનંદ... (પાન ૯ નું ચાલુ)

પર અંકિત કરાવનાર ચિત્રકાર અને મંદિરના કારીગરો માટે માર્ગદર્શ તરીકે પસાર થયેલું હતું. પૂ. સ્વામીશ્રીમાં એકમાં જ અનેક કળાઓનો વાસ હતો. જેમ કે, (૧) આદર્શ કવિ, (૨) અનુપમ ચિત્રકાર, (૩) શ્રેષ્ઠ ગાયક, (૪) સિતારવાદક, (૫) ઉત્તમ શિલ્પકાર, (૬) સર્વોત્તમ લહિયા, (૭) અનુપમ વ્વવહારદક્ષ અને (૮) નૂતન ગ્રંથ રચનાર વગેરે અનેક કળાઓનો સદ્.શ્રી આધારાનંદ સ્વામી ખજાનો હતા. પૂ.સ્વામી પોતાના જીવનમાં ૧૭ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ૧૪ વર્ષ શ્રીહરિની સાનિધ્યે રહ્યા અને શ્રીહરિ સ્વધામ પધાર્યા બાદ ૪૧ વર્ષ આ સત્સંગમાં રહ્યા. આમ, સ્વામીએ કુલ ૭૩ વર્ષ સુધી અવની ઉપર રહી સંપ્રદાયની અવર્ણનીય સેવા કરી છે. સં. ૧૯૨૮ માગશર સુદ -૭, તા. ૧૮/૧૨/૧૮૭૧ને સોમવારના રોજ સ્વામી અક્ષરવાસી થયા. આવા આપણા સહુના જીવન માટે ઉદાહરણરૂપ અને સદ્ગુણો અને કળાઓના ધામ સિદ્ધયોગી અને શ્રીહરિની મરજીની મૂર્તિસમા સદ્ગુણમૂર્તિ સદ્ગુરુવર્ય શ્રીઆધારાનંદસ્વામીનાં પાવન ચરણોમાં લાખો લાખો વંદન..! (પૂર્ણ)



ફક્ત રાડો કંપનીનું છે, પરંતુ અંદરનું મશીન તો નકલી છે તેથી પંદર દિવસ ચાલે તો તારું ભાગ્ય.''

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે જીવન પણ એવું જ છે. બહારનું જીવન એ ડાયલ છે અને અંદરનું જીવન એ મશીન છે. જે માણસો ડાયલ ઉપર મોહી પડે છે અને મશીન સામે જોતા જ નથી એમના હાથમાં ડાયલ જ રહે છે, પણ મશીન બદલાઈ ગયેલું હોય છે.

માનવ જીવનને સુંદર બનાવવું હોય તો ભૌતિક વસ્તુઓની, જેમ પરખ કરીએ છીએ અને કાળજી રાખીએ છીએ તેમ આધ્યાત્મિક વસ્તુઓની પણ પરખ કરવી જોઈએ. તનને જાણીએ છીએ તેમ મનને પણ જાણવું જોઈએ.

તન (દેહ) એ ડાયલ છે અને મન એ મશીન છે. લોકો તનને ખૂબ શણગારે છે, બીમાર ન પડે તે માટે અનેક પ્રકારની કસરતો કરે છે, વોકિંગ કરવા જાય છે, એલોપથી, આયુર્વેદિક અને હોમિયોપથી વગેરે દવાઓ ખાય છે, ગરમી લાગે તો તુરંત એ.સી. શરૂ કરે છે, ઠંડી લાગે તો તુરંત હીટ શરૂ કરે છે, ભૂખ લાગે તો તુરંત ખાઈ લે છે, તરસ લાગે તો તુરંત પાણી-શરબત પી લે છે, બગીચાઓમાં ફરવા આ શરીરને લઈ જાય છે, નેચરોપથીમાં નિરોગી કરવા લઈ જાય છે, મનોરંજન માટે ફિલ્મો જોવા પણ લઈ જાય છે. આ રીતે અનેક પ્રકારે અપટુડેટ થઈને દેહની સજાવટ કરે છે; પરંતુ આ તનરૂપી ડાયલને ટીપટોપ કરનારાઓ મનરૂપી મશીનની બિલકુલ કાળજી રાખતા નથી હોતા.

ખરા અર્થમાં જોઈએ તો મનનો શણગાર જ શોભાનો યોગ્ય છે. મહાપુરુષો તન કરતાં મનને વધારે સાચવે છે કારણ કે, અંદરનો વૈભવ જ તન છૂટ્યા પછી પણ દીપી ઉઠે છે, જ્યારે તનના વૈભવ-વિલાસ તો અંદરના વૈભવને ખોતરી ખાય છે, પાયમાલ કરી નાખે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વગેરે સદ્‌ગુણો મનનો વૈભવ છે. આ વૈભવ શાશ્વત છે, માટે ડાહ્યા પુરુષોએ આ વૈભવનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. અંદરનો વિકાસ કરવો જોઈએ. અંદરની દુનિયા મજબૂત હશે તો બહારની દુનિયા તેને હરાવી નહિ શકે.

એક વાત સત્ય છે કે સારા ઘડિયાળની કિંમત ડાયલ ઉપરથી નહિ, પણ એના મશીન ઉપરથી નક્કી થાય છે. મર્સિડિઝ, કે રોલ્સરોયલ ગાડીની કિંમત એના મોડલ પરથી નક્કી થતી નથી પરંતુ એની મશીનરીથી નક્કી થાય છે; નહિતર તો એના કરતાં થોડી કિંમતવાળી અમુક ગાડીનાં મોડલો પણ એનાથીય સારાં હોય છે, તો એની કિંમત મર્સિડિઝ કરતાં વધારે હોવી જોઈએ ને ? પણ એવું ક્યાય જોવા-જાણવા નહિ મળે, કેમ જે કિંમત મર્સિડિઝના મોડેલની નહિ, પરંતુ અંદરના મશીનની જ છે.

એ જ રીતે વ્યક્તિ બહાર ગમે તેટલી સુંદર હોય તો પણ એની ગણના મહાપુરુષ તરીકે નહિ થાય, કારણ કે, તનની સુંદરતા છે પણ મનની નથી. આંતરિક વૈભવ નથી તેથી એને કોઈ નમસ્કાર નહિ કરે, તેનું કોઈ પૂજન નહિ કરે. મહાપુરુષો ક્યાં સફારી કે સુટ પહેરી ટીપટોપ થઈને પફ-પાવડર લગાવે છે ? વાંકડિયા ફેશનેબલ વાળ રાખી તેમાં શેમ્પુ નાખીને કથા-પ્રવચન કરવા જતા નથી. તેઓ તો ફક્ત ભગવાં વસ્ત્રો પહેરી સાદાં ચંપલો પહેરીને બહુ જ સાદાઈથી રહેતા હોય છે, છતાં પણ લોકો તેઓને દંડવત પ્રણામ કરશે, પ્રશંસા કરશે અને પૂજન પણ કરશે.

સુંદરતા નથી છતાં આવું બધું કેમ કરાય છે ? આની પાછળ મુખ્ય કારણ એ છે કે, મહાન સંતોનાં અંતર શુદ્ધ હોય છે, મનોબળ મક્કમ હોય છે અને આંતરિક ગુણોનો ખજાનો ભરપૂર ભરેલો હોય છે. હા, બહારની સુંદરતાને અમુક સમાજ અપનાવે છે અને એને 'વિશ્વ સુંદરી' નો પુરસ્કાર પણ આપે છે

‘મિસ વર્લ્ડ’ કહીને બોલાવે છે, પરંતુ એને કોઈ દંડવત પ્રણામ નહિ કરે, કારણ કે એની પાસે કેવળ બાહ્ય સુંદરતા જ છે, અંદરની સુંદરતા નથી.

આંતરિક સુંદરતાનું મહત્ત્વ બાહ્ય સુંદરતા કરતાં વિશેષ છે એવો ખ્યાલ મગધની ખ્યાતનામ નર્તકી આમ્રપાલીને આવી ગયો ત્યારે તે બૌદ્ધ સંન્યાસીની બની ગઈ ! પંજાબના રાજા રણજીતસિંહની રખાત રૂપસંદરીને એનો ખ્યાલ આવ્યો કે તુરંત તે મહેલ છોડીને જંગલમાં જઈ સંન્યાસીની બની અંતરના વૈભવને વધારવા લાગી ગઈ ! મિથિલાની વેશ્યા પિંગલાને આંતરિક ખજાનાનો મહિમા સમજાઈ ગયો તેથી તે પાપ છોડી ભક્ત બની ગઈ ! જેતલપુરની વેશ્યા લક્ષ્મીબાઈને (રજ્જુને) ખબર પડી કે તનની સુંદરતા કરતાં સ્વામિનારાયણ મહાપ્રભુને મનની સુંદરતા વધારે ગમે છે તેથી તનનો શણગાર છોડી મનનો શણગાર કરવા લાગી ગઈ ! અર્થાત્ ભક્ત બની સદ્‌ગુણોથી મનને મહેંકાવવા મંડી પડી.



પાટણની પદમણિ મનોરમા વેશ્યાએ એક રાત્રે સત્સંગમાં સાંભળ્યું કે, ‘પ્રભુ તનની સુંદરતાને નહિ, પણ મનની સુંદરતાને જૂવે છે માટે મનમાં સારા ગુણો લાવવા જોઈએ.’ તુરંત અંતરનો વૈભવ મેળવવા માટે તે સંઘ સાથે જ દ્વારિકાની યાત્રાએ ગઈ અને આંતરિક ખજાનો ભેગો કરી હંમેશને માટે પ્રભુને વ્હાલી બની ગઈ ! માટે દરેક નર-નારીઓએ તન કરતાં મનની વધારે સંભાળ રાખવી જોઈએ અને અંતરનો ખજાનો એકઠો કરી મહાપ્રભુ શ્રીહરિજીને રાજી કરી લેવા જોઈએ. (ક્રમશઃ)

---

પૂજા... (પાન ૧૫ નું ચાલુ)

વચનામૃતમાં આજ્ઞા કરી છે કે, “જે ભગવાનનો ભક્ત હોય તો નિત્યે ભગવાનની માનસી પૂજા કરે. આ વચનામૃતમાં ઋતુ ઋતુ પ્રમાણે માનસી પૂજા કરવાની રીત શીખવી છે. તેમાં ઉનાળામાં ભગવાનને ઠંડા જળથી નવરાવવા, સુંદર ઝીણા તેમજ હળવા વસ્ત્ર પહેરાવવા અથવા અંગો અંગને વિશે ચંદર ચર્ચવું, સુગંધીમાન પુષ્પોના શણગાર ધરાવવા. ત્યારબાદ પોતાને ભગવાનને વિશે હેત ઉપજે એ પ્રમાણે એક, બે કે તેથી વધારે વાર ભગવાનને ભેટવું. ભગવાનને શીખંડ, રસ એ આદિક ઠંડકવાળા ભોજન, આઈસ્ક્રિમ, જ્યુસ એ આદિક જ્યુસ પીવડાવવું. શિયાળામાં ગરમ પાણીએ નવરાવવા, ગરમ કપડા પહેરાવવા, હીરા, મોતી, સુવર્ણના અલંકારો પહેરાવવા.

ભોજનમા ગરમ ભોજન તથા નાસ્તો જમાડવા. ચોમાસામાં ભગવાન બહારગામ ગયા હતા. અથવા સંતો સાથે નદીએ નાવા પધાર્યા હતા ત્યાંથી પલળીને આવ્યો છે પછી પલળેલા વસ્ત્ર બદલાવી નવા વસ્ત્રો પહેરાવવા તથા ભગવાનને ગરમ વસ્તુ જમાડવી. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે કે, આવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિશે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે.”

શ્રીજી મહારાજ કહે છે કે જેમ ભગવાનને માનસી પૂજામાં જમાડીએ તેમ ભગવાનના સંત ભક્તોને પણ પ્રસાદીએ કરીને પણ જમાડવા. આટલી વાત કરીને કહે કે જેને સો જન્મે કરીને કસર ટળવાની ન હોય પરંતુ જેને આવી રીતે વર્તતું હોય તેને આ જન્મે કરીને સર્વ કસર ટળી જાય ને ભગવાનના ધામને પામે.

મહાપૂજા વિષે વિસ્તૃત માહિતી આપણે આવતા અંકમાં વિસ્તારથી જાણીશું.



# માસિક ભેટ નામાવલી
## (ઓગષ્ટ - ૨૦૧૩)


| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી ઉપેન્દ્રભાઈ વસંતભાઈ વ્યાસ | આણંદ |
| ૨૫૧ | શ્રી સચિન કે. કોટક | રાજકોટ |
| ૧૦૦ | શ્રી રાજુભાઈ માંડણભાઈ ભરવાડ | વડતાલ |
| ૧૦૦ | શ્રી રણુભાઈ વિહાભાઈ ભરવાડ | ઉત્તરસંડા |
| ૧૦૧ | શ્રી પ્રકાશભાઈ યુ. વરાડિયા | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી દિનેશભાઈ રસિકલાલ પંચાલ | માસર રોડ |
| ૨૫૦ | શ્રી ધ્રુવકુમાર કિરણકુમાર જેઠવા | વડતાલ |
| ૫૦૧ | શ્રી રાવજીભાઈ ડાહ્યાભાઈ પરમાર | મોંઘરોલી |
| ૧૦૧ | શ્રી કસવી હર્ષ ભાવસાર | કલ્યાણ |
| ૧૧૧ | શ્રી રમેશભાઈ ઉદેસીંગભાઈ પરમાર (ડે.સરપંચ) | વડતાલ |
| ૧૦૧ | શ્રી કિરીટભાઈ આર. રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી સરોજબેન કિરીટભાઈ રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી શ્રેય દિક્ષિતભાઈ રાય | નડિયાદ |
| ૧૦૧ | શ્રી શ્રેયા મનોજકુમાર પટેલ | કરમસદ |
| ૧૦૦ | શ્રી વિઠ્ઠલભાઈ મોતીભાઈ | રંગાઈપુરા |
| ૧૦૧ | શ્રી સુધીરભાઈ પરસોત્તમભાઈ પટેલ | વિદ્યાનગર |
| ૧૦૦ | અ.નિ. માણેકબેન દયાશંકર ત્રિવેદી | બાલાસિનોર |
| ૧૦૦ | અ.નિ. દયાશંકર ત્રિવેદી | બાલાસિનોર |
| ૧૦૦ | શ્રી ગં.સ્વ. ભાનુબેન મૂળશંકર ત્રિવેદી | બાલાસિનોર |
| ૧૦૦ | શ્રી અ.નિ. સુબોધ મૂળશંકર ત્રિવેદી | ગોધરા |
| ૧૦૦ | શ્રી અ.નિ. નરેન્દ્રપ્રસાદ દયાશંકર ત્રિવેદી | બાલાસિનોર |
| ૧૦૦ | શ્રી મનુભાઈ શંકરભાઈ મિસ્ત્રી હ.ગોવિંદસ્વામી | સંજાયા |
| ૧૧૧ | શ્રી ધાર્મિક મનુભાઈ સોલંકી હ.દિનુભગત | વડતાલ |
| ૧૧૧ | શ્રી મોહનલાલ કેશવલાલ જોષી હ.દિનુભગત | વડતાલ |
| ૧૦૧ | શ્રી મનિષાબેન સુનિલભાઈ પટેલ | પામોલ |
| ૧૦૦ | શ્રી અશ્વિનભાઈ મનગભાઈ ઠાકોર | જોબનપુરા |
| ૧૦૦ | શ્રી ધર્મેશ જગદીશભાઈ પારેખ | કલ્યાણ |
| ૧૦૦ | શ્રી દિગ્ના મૃગેશકુમાર શર્મા | સુરત |
| ૧૦૦ | શ્રી જગદીશભાઈ શંકરલાલ પારેખ - સોજીત્રાવાળા | કલ્યાણ |
| ૨૦૦ | શ્રી મુકેશભાઈ ભાઈલાલભાઈ પટેલ | ઉત્તમનગર |
| ૧૧૧ | શ્રી નિરવ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી વૈદેહી મહેશભાઈ પટેલ | પિપળાવ |
| ૧૫૧ | શ્રી પેઈન્ટર છોટાભાઈ છગનભાઈ પરમાર હ.ગોવિંદસ્વામી | વડતાલ |
| ૧૧૧ | શ્રી વિજયભાઈ પોપલાલ દંતાણી | આણંદ |
| ૨૦૦ | શ્રી રાજેશભાઈ કાંતિભાઈ પટેલ | કરમાલ |
| ૧૦૧ | શ્રી મુકુલચંદ્ર બાલકૃષ્ણ ભટ્ટ | વડોદરા |
| ૧૦૧ | શ્રી સુનીલભાઈ નવલકુમાર મોદી | સુરત |
| ૧૧૧ | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા | નવસારી |
| ૨૦૦ | શ્રી પરેશભાઈ રમણભાઈ પટેલ | મંગલેશ્વર |
| ૧૦૦ | શ્રી ચિંતનકુમાર પરેશભાઈ પટેલ | મંગલેશ્વર |
| ૧૫૨ | શ્રી પા.દિનુભગત એ.સથડલાવાળા હ.પા.સહદેવભગત | વડતાલ |
| ૧૧૧ | શ્રી પ્રવિણચંદ્ર અંબારામ મહેતા | નવસારી |
| ૧૦૧ | શ્રી સ્મીતાબેન ઠાકોરભાઈ પટેલ | લિંગસ્થળી |
| ૧૦૦ | શ્રી ધર્મેન્દ્ર હરિકૃષ્ણ પટેલ | ઓસ્ટ્રેલિયા |
| ૧૦૦ | શ્રી કામિની હરિકૃષ્ણ પટેલ | નડિયાદ |
| ૩૦૧ | શ્રી શિવાનીબેન કિરણભાઈ કા. પટેલ | સેવાલીયા |
| ૧૦૦ | શ્રી મનિષાબેન પરેશભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૧ | શ્રી સોમાભાઈ રાવજીભાઈ પરમાર | મોંઘરોલી |
| ૧૦૧ | શ્રી જયાબેન ગાંડાભાઈ સોલંકી | ડેમાઈ |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર કનુભાઈ ચૌહાણ | પિપળાવ |
| ૨૫૧ | શ્રી પિનાકીનભાઈ વસંતભાઈ પટેલ | વેમારડી |
| ૨૦૧ | શ્રી ઘનશ્યામભાઈ હરમાનભાઈ પટેલ | નરસંડા |
| ૫૦૧ | શ્રી શ્રેય દિક્ષિતભાઈ રાય | નડિયાદ |
| ૧૦૦ | શ્રી સમીરભાઈ મૂળજીભાઈ પટેલ | દાંદા |
| ૧૦૦ | શ્રી મહિજીભાઈ ગોકળભાઈ પરમાર | નરસંડા |
| ૧૦૧ | શ્રી કનુભાઈ જેઠાભાઈ પટેલ | સંધાણા |
| ૧૦૧ | શ્રી ચંપકલાલ ઠાકોરદાસ સુરતવાળા | નવસારી |
| ૧૦૦ | શ્રી ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતિલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી જ્યોત્સનાબેન બાબુભાઈ પટેલ | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કાું. હ. સુરેશભાઈ કે. પટેલ | વલેટવા |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા | મુંબઈ |
| ૧૦૦ | શ્રી સુશીલાબેન જશભાઈ પટેલ (રાસવાળા) | જિટોડિયા |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જીતેન્દ્રભાઈ પટેલ | પીજ |
| ૧૦૧ | શ્રી જયશવંત પી. તલાટી | આણંદ |
| ૧૦૦ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૨૦૦ | શ્રી ઉષાબેન શશીકાંતભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૧ | શ્રી ઈન્દુબેન મૂળજીભાઈ ગાંધી | દહીંસર |
| ૧૦૦ | શ્રી પરસોત્તમભાઈ વીરાભાઈ | ભાવનગર |
| ૧૨૫ | શ્રી નાગજીભાઈ પરાગભાઈ પટેલ | સયાજીપુરા |
| ૧૦૦ | શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ | શિવપુરી |
| ૧૧૧ | શ્રી રાજેશભાઈ નટુભાઈ પટેલ | બામણગામ |
| ૧૫૦ | શ્રી કમલેશ આર. પટેલ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ડૉ. રૂપલ તથા ડૉ. મેઘલ | વલસાડ |
| ૧૦૦ | શ્રી વિપુલ રાણા | વડોદરા |
| ૧૦૦ | શ્રી સિદ્ધાર્થ યોગેશભાઈ ભટ્ટ | પોર |
| ૧૦૨ | શ્રી દિવાળીબેન છોટાભાઈ પંચાલ | કરમસદ |
| ૧૧૧ | શ્રી સ્વ. પ્રભુબેન દોલતસિંહ રાજ. હ.પા.દિનુભગત | સાયખા |
| ૧૧૧ | શ્રી હરિસિંહ દોલતસિંહ રાજ. હ.પા.દિનુભગત | સાયખા |
| ૧૧૧ | શ્રી કુ.આયુષીબેન અજયભાઈ પટેલ હ.પા.દિનુભગત | સમની |
| ૧૧૧ | શ્રી કુ.રીચાબેન અજયભાઈ પટેલ હ. પા.દિનુભગત | સમની |

# શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ

વડતાલધામ ખાતે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં
પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ અને પૂ. સંતો ઉપસ્થિત રહ્યા હતા.










# ગણેશોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે ગણેશોત્સવ દરમિયાન
શ્રી ગણેશજીની પ્રતિમા પૂ.લાલજી સૌરભપ્રસાદજી હસ્તે કરાયેલ સ્થાપના





RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid
up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે ઉજવાયેલ હિંડોળા મહોત્સવ આયોજન
પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી વડતાલ)ની પ્રેરણાથી
ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન કરતાં પ.પૂ.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
(મેતપુરવાળા), પ.પૂ.આ.કો. દેવપ્રકાશદાસજી સ્વામી ઉપરાંત પૂ. સંતો નજરે પડે છે.
હિંડોળા દર્શનનો લાભ લાખો હરિભક્તોએ લીધો હતો.